સુવિચાર

સારૂ પરિણામ મેળવવા માટે વાતોથી નહીં, પણ રાતોથી લડવુ પડે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



આણંદપર બાધી ગામે પત્નીની ક્રુર હત્યા કરતો પતિ

P-4

Year-16, Issue-103 ■ DATE : 06-08-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઉતરાંચલ બાદ હિમાચલના કિન્નોરમાં મેઘતાંડવ



## ૪૧૩ યાત્રાળુઓને બચાવાયાઃ ચંદીગઢ-મનાલી હાઈવે સહિત ૫૦૦થી વધુ રસ્તાઓ બંધઃ શાળા-કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ



ટિહરી ગઢવાલ, ઉત્તરાખંડ

**મુખ્ય સમાચાર, સિમલા**

ચોમાસાનો વરસાદ પર્વતોમાં આફત લાવ્યો છે. હિમાચલ પ્રદેશના કિન્નૌરના તાંગલિંગમાં બુધવારે વાદળ ફાટવાથી પૂર જેવી સ્થિતિ સર્જાઇ હતી. આ ઘટનાનો એક ભયાનક વીડિયો સામે આવ્યો છે, જેમાં પર્વત પરથી ખડકો અને કાટમાળનું પૂર નીચે રસ્તા પર પડતા જોઈ શકાય છે.

અચાનક આવેલા પૂરને કારણે કૈલાશ યાત્રા રૂટ પરના બે પુલ તણાઈ ગયા હતા. બાકીના રૂટને પણ ભારે નુકસાન થયું હતું, જેના કારણે યાત્રા અટકાવી દેવામાં આવી છે. ઘણા શ્રદ્ધાળુઓ ફસાયેલા છે. ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ ટીમે ઝિપલાઇનની મદદથી ૪૧૩ યાત્રાળુઓને બચાવ્યા છે.

કિન્નૌરના રિબ્બા ગામ નજીક રાલડાંગ કોતરમાં પણ વાદળ ફાટવાની ઘટના બની હતી. આના કારણે નેશનલ હાઈવે-૫ પણ બંધ કરી દેવામાં આવ્યો છે. હાઈવેના લગભગ ૧૫૦ મીટર પર કાદવ અને મોટા પથ્થરો જમા થઈ ગયા છે. જોકે, અકસ્માતમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

મંગળવારે રાત્રે ચંદીગઢ-મનાલી નેશનલ હાઈવે પર પણ ભૂસ્ખલન થયું હતું. રસ્તાઓ પર મોટા પથ્થરો પડતાં રાજ્યના ૫૦૦થી વધુ રસ્તાઓ બંધ છે. સિમલા, મંડી, સોલન અને કુલ્લુ જિલ્લામાં સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે.

આ પહેલા મંગળવારે ઉત્તરાખંડના ધરાલી ગામમાં વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો હતો. આમાં ૪ લોકોના મોત થયા હતા, જ્યારે ૫૦થી વધુ લોકો ગુમ છે. કર્ણપ્રયાગમાં ભૂસ્ખલનને કારણે બદ્રીનાથ હાઈવે બંધ થઈ ગયો હતો. હરિદ્વાર-દહેરાદૂન રેલવે પર પથ્થર પડતાં રેલ વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે.

ઋષિકેશના પરમાર્થ નિકેતન ઘાટ પર ભગવાન શિવની પ્રતિમા સુધી ગંગા નદીનું જળ પહોંચ્યું ઉત્તરાખંડના ભટવાડીમાં વાદળ ફાટવાને કારણે ઉત્તરકાશી-હર્ષિલ રોડ ધોવાઈ ગયો


બુધવારે છત્તીસગઢના તમામ જિલ્લાઓમાં ચોમાસાની હલચલ ફરી વધશે. હવામાન વિભાગે આજે બિલાસપુર, સુરગુજા, બસ્તર વિભાગના જિલ્લાઓમાં વીજળી પડવાનું યલો એલર્ટ જારી કર્યું છે. આ ઉપરાંત, ઘણા વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. આગામી થોડા દિવસો સુધી રાયપુર સહિત ઘણી જગ્યાએ આ સ્થિતિ રહેશે.

હિમાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં મંગળવાર રાતથી ભારે વરસાદ પડી રહ્યો છે. આના કારણે, ચંદીગઢ-મનાલી અને પઠાણકોટ-કાંગડા NH સહિત ૫૦૦થી વધુ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. ભારે વરસાદને ધ્યાનમાં રાખીને, મંડી જિલ્લાના કારસોગ સબ-ડિવિઝન, સિમલામાં કુમારસેન અને ઠિયોગ, કુલ્લુ અને નિર્મંદ, શિમલા શહેરમાં ચેલ્સીમાં સેક્રેડ હર્ડ કોન્વેન્ટ અને સેન્ટ એડવર્ડ સ્કૂલ બંધ કરવામાં આવી છે.

# દેશના વિમાની મથકો પર હુમલાની આશંકાએ એલર્ટ જાહેર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં પહેલગામ હુમલા બાદ ફરી એક વખત જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદ સામેની કાર્યવાહી વધુ આક્રમક બનાવ્યા વચ્ચે હવે આતંકી સંગઠન કે કોઈ સમાજ-વિરોધી જૂથ દેશના સતત વ્યસ્ત રહેતા વિમાનો મથકો પર હુમલો કરે તેવી ગુપ્તચર માહિતીએ પાટનગર સહિતના વિમાની મથકોની સુરક્ષા વધારી દેવામાં આવી છે.



ખાસ કરીને સપ્ટેમ્બર-૨૨થી ૨ ઓકટોબર વચ્ચે આ પ્રકારના હુમલાની શકયતાનું ઈનપુટ મળતા જ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા તમામ એરલાઈન્સ તથા વિમાની પ્રવાસી સુરક્ષા સાથે જોડાયેલા દળોને ખાસ સાવધ રહેવા જણાવાયુ છે તથા તમામ એરપોર્ટ ઉપરાંત અગત્યના હેલીપેડ અને ફલાઈંગ સ્કુલ તથા હવાઈ ઉડ્ડયનની ટ્રેનીંગ આપતી સંસ્થાઓને પણ એલર્ટ કરી દેવામાં આવી છે.

ધ બ્યુરો ઓફ સિવિલ એવીએશન સિકયોરિટી તરફથી મળેલા ઈનપુટમાં ત્રાસવાદી જળ અથવા સમાજ વિરોધી સંગઠન કે તેની સામે જોડાયેલા તત્વો આ પ્રકારની હરકત કરી શકે છે તેવી શકયતા દર્શાવાઈ છે તથા એરપોર્ટ અને તેની સાથે સંકળાયેલા સલામતી દળોને પણ મહતમ એલર્ટ પર રહેવા જણાવાયુ છે.

ટર્મીનલ પર પેટ્રોલિંગ વધારવા મુસાફરોના ચેકીંગ અને તેમના લગેજનું સ્કેનીંગ પણ પુરી રીતે થાય તે જોવા જણાવાયું છે. પાર્કીંગ સહિતના એરીયામાં પણ શંકાસ્પદ પ્રવૃતિ ન થાય તે જોવા જણાવાયું છે.

આ ઉપરાંત ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ઉડાન પરની તમામ એરલાઈન્સને આ સલામતી અંગેના નિયમોનું ચોકકસાઈ તથા આકરી રીતે કરવા જણાવાયુ છે. કાર્ગો હેન્ડલીંગ યુનિટને પણ એલર્ટ રહેવા આદેશ અપાયા છે.

ખાસ કરીને એરપોર્ટે તથા તેની સેવાઓ સામે જોડાયેલા સ્ટાફની ઓળખપ્રક્રિયા પણ ખાસ ચકાસવા તેમની ડયુટીમાં રોટેશન લાવવા તથા એરપોર્ટે લોન્જના રેસ્ટોરા-શોપ વિ.માં પણ સ્ટાફ વિ. તથા ત્યાં આવતા પાર્સલની ચકાસણી કરવા આદેશ અપાયા છે.

# RBI દ્વારા ત્રણ વખત વ્યાજદરો ઘટાડયા બાદ આ વખતે રેપોરેટ યથાવત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આજે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીની બેઠક યોજાઈ હતી. ગવર્નર સંજય મલ્હોત્રાએ આ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની જાહેરાત કરી હતી. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે રેપો રેટ એટલે કે વ્યાજ દરમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહીં. એટલે કે, એ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. જૂનમાં યોજાયેલી છેલ્લી બેઠકમાં, રિઝર્વએ રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટ ()નો ઘટાડો કરીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. આનાથી રેપો રેટ ૫.૫ ટકા થયો હતો. તે હાલ પૂરતો એ જ રહેશે. એટલે કે, લોકોને સસ્તી લોન માટે વધુ રાહ જોવી પડશે.આમ આદમીએ રાખેલી આશા પર પાણી ફરી વળ્યું છે. લોન સસ્તી નહિ થાય, તેમજ જીડીપીનું અનુમાન ૬.૫ ટકા યથાવત રાખવામા આવ્યું છે.

આ બેઠક ૪ ઓગસ્ટથી શરૂ થઈ હતી. તેમાં રેપો રેટ પર વિચારણા કરવામાં આવી હતી. ઉપરાંત, આગામી મહિનાઓ માટે સેન્ટ્રલ બેંકની નીતિ કેવી રહેશે તે પણ નક્કી કરવામાં આવ્યું હતું. છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટીનું નેતળત્વ ગવર્નર કરે છે. તેમાં સેન્ટ્રલ બેંકના ત્રણ અધિકારીઓ અને ભારત સરકાર દ્વારા નિયુક્ત ત્રણ બાહ્ય સભ્યોનો સમાવેશ થાય છે. દર બે મહિને મળે છે. આમાં, મુખ્ય વ્યાજ દરો પર નિર્ણય લેવામાં આવે છે. ઉપરાંત, દેશની નાણાકીય નીતિની દિશા પણ નક્કી કરવામાં આવે છે.



સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ એક અહેવાલમાં કહ્યું હતું કે રિઝર્વ બેંક આ નાણાકીય નીતિ બેઠકમાં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ ()નો ઘટાડો કરી શકે છે. ના અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે અગાઉના ડેટા દર્શાવે છે કે દિવાળી પહેલા રેપો રેટ ઘટાડવાથી તહેવારો દરમિયાન ક્રેડિટ ગ્રોથમાં વધારો થાય છે.

કેટલાક નિષ્ણાતોએ રેપો રેટમાં ઘટાડાની અપેક્ષા રાખી ન હતી. અર્થશાષી રજની સિંહાએ કહ્યું હતુ કે, એ ફુગાવામાં નરમાઈની અપેક્ષા રાખીને પહેલાથી જ દરોમાં ઘટાડો કર્યો છે. આગામી બે ક્વાર્ટરમાં ફુગાવો સરેરાશ ૪ ના લક્ષ્યાંકથી નીચે રહી શકે છે. જો કે, તે ત્રીજા ક્વાર્ટરથી વધવાની અને ચોથા ક્વાર્ટર સુધીમાં ૪ થી વધુ થવાની ધારણા છે. તેથી, જ્યાં સુધી વળદ્ધિ સંબંધિત ચિંતાઓ વધે નહીં, ત્યાં સુધી વધુ દરમાં ઘટાડો થવાની અપેક્ષા નથી.

આરબીઆઇ ગવર્નરે એમપીસી બેઠકના પરિણામો જાહેર કરતા કહ્યું કે તહેવારોની મોસમ આર્થિક પ્રવૃત્તિઓ માટે ખાસ છે, પરંતુ અમેરિકા અને ભારત વચ્ચેના ટેરિફ અંગે હજુ પણ અનિશ્ચિતતા છે. વૈશ્વિક વેપારની સ્થિતિ વિશે વાત કરતા તેમણે કહ્યું કે ભારતમાં એ અર્થતંત્રના વિકાસ અંગે યોગ્ય પગલાં લીધા છે અને તે મજબૂત રહે છે. રિઝર્વ બેંકના નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે જ્યાં સુધી ભારત-અમેરિકા વચ્ચેના ટેરિફ અંગે ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ ન થાય ત્યાં સુધી, કેન્દ્રીય બેંક ઉતાવળમાં નથી.

# ઉત્તરાખંડમાં કુદરતી આફતને પગલે ધરાલી ગામ તબાહ

## ૧૩૦ને બચાવાયાઃ ૧૧ જવાન સહિત ૭૦ લાપતા

**મુખ્ય સમાચાર, દહેરાદૂન**

ઉતરાખંડનાં ઉતર કાશીમાં વાદળ ફાટવા તથા પર્વતનો કેટલોક ભાગ ધસી પડવાને કારણે સર્જાયેલી કુદરતી આફતમાં મોટી તારાજી-જાનખુવારી છે. સરકારી તંત્ર દ્વારા ૧૩૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હોવા છતાં ૧૧ સૈન્ય જવાનો સહિત અનેક લોકો લાપતા છે.માત્ર ૪૦ સેકન્ડમાં આખુ ધરાલી ગામ સાફ થઈ ગયુ હતું. હજુ રાહત-બચાવ કામગીરી ચાલુ રાખવામાં આવી છે.

ઉતરકાશીમાં ધરાલી તથા સુખી ટોપ અને બે સ્થળોએ વાદળ ફાટવાની ઘટના બની હતી તેમાં ધરાલીમાં આફત સર્જાઈ હતી. અનરાધાર વરસાદ સાથે પ્રચંડ જળપ્રવાહમાં પર્વતનો કાટમાળ ખાબકતા સમગ્ર વિસ્તાર દટાઈ ગયો હતો. મકાનો, દુકાનો તથા રસ્તા પણ તણાઈ ગયા હતા. લોકલ માર્કેટ આખેઆખી તણાઈ ગઈ હતી.સમગ્ર ગામ કાટમાળ હેઠળ દબાયુ હતું.



સૈન્ય જવાનો, એનડીઆરએફ એસડીઆરએફ, આઈટીબીપી સહિતની ટીમોને બચાવ અભિયાનમાં સામેલ કરવામાં આવી છે. રાજપુત રાયફલ્સનાં સૈન્ય કેમ્પને નુકશાન છે અને તેના ૧૧ જવાનો લાપતા છે. ૨૦ જવાનોને બચાવાયા હતા.

સતાવાર સુત્રોએ કહ્યું કે રાહત-બચાવ કામગીરીમાં અત્યાર સુધીમાં ૧૩૦ લોકોને બચાવવામાં આવ્યા છે છતા હજુ ઘણાં લાપતા છે. દુર્ઘટના વખતે ગામમાં ૨૦૦ જેટલા લોકો હોવાનો અંદાજ હતો. રાહત-બચાવ કામગીરી માટે જરૂર પડખે વાયુદળનાં ચિનુક સહિતના હેલીકોપ્ટરને સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે.

કુદરતી આફતથી સમગ્ર ઉતરકાશીમાં ભારે તારાજી સર્જાઈ છે. સમગ્ર વિજમાળખુ વેરવિખેર થઈ છે.ઈન્ટરનેટ-મોબાઈલ નેટવર્ક ઠપ્પ થયુ છે.રસ્તાઓ ભાંગી ગયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રાજયના મુખ્યમંત્રી ધામી સાથે વાતચીત કરીને કેન્દ્ર તરફથી તમામ મદદની ખાતરી આપી હતી. દરમ્યાન સેટેલાઈટ ડેટાના અભ્યાસનાં આધારે નિષ્ણાંતોએ એવી શંકા વ્યકત કરી છે કે વાદળ ફાટવાને બદલે ગ્લેશીયર તૂટવાને કારણે અથવા ગ્લેશીયર તળાવનાં ભંગાણને કારણે આ કુદરતી આફત સર્જાઈ શકે છે.

ઉતરાખંડમાં રાહત-બચાવ કામગીરીની સાથોસાથ આફતનું કારણ તપાસવાનું પણ શરૂ કરવામાં આવ્યું છે. હવામાન વિભાગનાં રીપોર્ટ મુજબ દુર્ઘટના વખતે વરસાદ મામુલી હતો એટલે વાદળ ફાટયુ હોવાની માન્યતા શંકાસ્પદ છે.આ વખતે માત્ર ૬.૫ મીમી વરસાદ થયો હતો જે વાદળ ફાટવાની ઘટના વખતે થતા વરસાદ સાથે સુસંગત નથી.

સેટેલાઈટ ડેટા પરથી એવુ સુચવાય છે કે દુર્ઘટનાગ્રસ્ત ધરાલી ગામની ઉપર ગ્લેશીયર તથા બે ગ્લેશીયર તળાવ મૌજુદ છે. તળાવ અથવા ગ્લેશીયર ફાટતા આ ભયાનક આફત ઉભી થયાની શંકા છે. ૨૦૨૧ માં ચમોલીમાં આવી જ સ્થિતિ સર્જાઈ હતી.

# મિસાઈલ, ડ્રોન અને બ્રહ્મોસના ક૭૦૦૦ કરોડના સંરક્ષણ સોદાને લીલીઝંડી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (ડીએસી) એ મંગળવારે ત્રણેય દળોની લશ્કરી કામગીરી ક્ષમતા વધારવા માટે લગભગ ૬૭,૦૦૦ કરોડ રૂપિયાના સંરક્ષણ સાધનો અને શષો ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી.

આ અંતર્ગત, સેનાની નાઇટ ઇન્ફન્ટ્રી ક્ષમતા વધારવા માટે થર્મલ ઈમેજર્સ, નૌકાદળ માટે બ્રહ્મોસ ફાયર કંટ્રોલ સિસ્ટમ અને લોન્ચર અને બરાક-૧ પોઈન્ટ ડિફેન્સ મિસાઇલ સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવશે.

તે જ સમયે, સરહદી પર્વતીય વિસ્તારોમાં ભારતીય વાયુસેનાના હવાઈ સંરક્ષણને મજબૂત બનાવવા માટે રડાર ખરીદવાનો પ્રસ્તાવ પણ આમાં સામેલ છે. સાથે જ યુદ્ધના બદલાતા પરિમાણોને ધ્યાનમાં રાખીને, ત્રણેય સેનાઓ માટે મધ્યમ ઊંચાઈવાળા લાંબા અંતર રિમોટલી પાયલોટેડ એરક્રાફ્ટ પણ ખરીદવામાં આવશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મંગળવારે યોજાયેલી ડીએસી બેઠકમાં, સેનાઓ માટે આ સંરક્ષણ સાધનો અને શષોની ખરીદી માટે ૬૭૦૦૦ કરોડ રૂપિયાના વિવિધ પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી હતી.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, સેના માટે થર્મલ ઈમેજર-આધારિત ડ્રાઈવર નાઈટ સાઈટ ખરીદવાને મંજૂરી આપવામાં આવી છે. નૌકાદળ માટે કોમ્પેક્ટ ઓટોનોમસ સરફેસ ક્રાફ્ટ, બ્રહ્મોસ ફાયર કંટ્રોલ સિસ્ટમ્સ અને લોન્ચર ખરીદવામાં આવશે.

આ સાથે, નૌકાદળને તેની બરાક-૧ પોઈન્ટ ડિફેન્સ મિસાઈલ સિસ્ટમને અપગ્રેડ કરવાની તક પણ મળશે.

ડીએસી દ્વારા જે શષોની ખરીદીની જરૂરિયાતનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે તેમાં ભારતીય વાયુસેના માટે પર્વતીય રડારની ખરીદીનો સમાવેશ થાય છે.

આ સાથે, વાયુસેનાની સક્ષમ સ્પાઈડર શષ પ્રણાલીને અપગ્રેડ કરવામાં આવશે. પર્વતીય રડારની ખરીદીથી પર્વતીય પ્રદેશમાં સરહદ પર હવાઈ દેખરેખ ક્ષમતામાં વધારો થશે. તે પૂર્વી લદ્દાખમાં ચીન સાથેની સરહદ પર વાયુસેનાની દેખરેખ ક્ષમતાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ડીએસીએ ત્રણેય સેનાઓ માટે મધ્યમ ઊંચાઈવાળા લાંબા અંતરના રિમોટલી પાયલોટેડ એરક્રાફ્ટ ખરીદવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે.

દૂરસ્થ રીતે ચાલતા વિમાનો લાંબા અંતરના મિશન કરવા અને હુમલા કરવા સક્ષમ છે. સ્વાભાવિક રીતે, આનાથી સશસ્ત્ર દળોની ચોવીસ કલાક દેખરેખ અને લડાઇ ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે.

# અમદાવાદના બોપલમાં થયેલા ફાયરિંગમાં રાજકોટના શેરબ્રોકરનું રહસ્યમય મોત

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદના બોપલ વિસ્તારમાં કબીર એન્કલેવ નજીક આવેલા શિવાલિક રો હાઉસમાં ફાયરિંગની ઘટના બનતા ચકચાર મચી છે. મૂળ રાજકોટના અને છેલ્લા ૧૩ વર્ષથી અમદાવાદમાં રહેતા કલ્પેશ ટુડિયાના લમણે ગોળી વાગતા મોત નિપજ્યું છે. મંગળવારે રાત્રિના પોણા નવ વાગ્યે બનેલા આ બનાવ અંગે બોપલ પોલીસને સવા કલાક મોડી જાણ થતા બનાવને લઈ અનેક શંકાઓ ઉભી થઈ છે.પોલીસને મૃતકના ખિસ્સામાંથી સુસાઈડ નોટ મળી આવી છે પરંતુ, જે હથિયારથી ફાયરિંગ થયું છે તે હથિયાર ગાયબ છે. આ બનાવ બન્યો તે પહેલા જે બે અજાણ્યા લોકોએ કલ્પેશ ટુડિયા સાથે અંદાજિત એક કલાક સુધી મુલાકાત કરી હતી તે બંને લોકો ગાયબ થઈ ગયા છે. પોલીસે હાલ તેઓની ઓળખ મેળવી શોધખોળ શરૂ કરી છે. આ બનાવ હત્યાનો છે કે આત્મહત્યાનો તેને લઈ રહસ્ય ઘેરાયું છે. પોલીસ અલગ અલગ કડીઓ જોડી ઘટનાના મૂળ સુધી પહોંચવા પ્રયાસ કરી રહી છે.



મૂળ રાજકોટના અને છેલ્લા ૧૩ વર્ષથી અમદાવાદમાં રહેતા અને શેરબ્રોકિંગના વ્યવસાય સાથે સંકલાયેલા કલ્પેશ ટુડિયા તેમની દીકરી અને માતા સાથે બોપલના કબીર એન્કલેવ નજીક આવેલા શિવાલિક રો હાઉસમાં ભાડાના મકાનમાં રહે છે. મંગળવારે(૫ ઓગસ્ટે) રાત્રિના સમયે કલ્પેશ ટુડિયા અને તેમની ૧૪ વર્ષીય દીકરી પોતાના ઘર પર હાજર હતી. ત્યારે પિતાએ દીકરીને કહ્યું હતું કે, બે લોકો મળવા માટે આવશે. જે આવે તો મને જાણ કરજે. રાત્રિના સમયે બે અજાણ્યા શખ્સો વ્હાઈટ કલરની કારમાં કલ્પેશ ટુડિયાને મળવા આવ્યા હતા. કલ્પેશ ટુડિયા અને બે શખ્સો વચ્ચે અંદાજે એક કલાક જેવી વાતચીત ચાલી હતી.

કલ્પેશ ટુડિયા અને બંને લોકો નીચે ઉતર્યા હતા. આ સમયે કલ્પેશ કારમાંથી કોઈ વસ્તુ લઈ ફરી પોતાના ઘરમાં ગયા હતા. થોડીવારમાં જ ફાયરિંગનો અવાજ આવતા નીચે લેશન કરી રહેલી દીકરી ઉપર જતા પિતા લોહીલુહાણ હાલતમાં પડ્યા હતા. જેથી દીકરીએ વીડિયો કોલ કરી માતાને જાણ કરી હતી અને પિતાની સ્થિતિ બતાવી હતી. માતા પણ તુરંત ઘરે દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં રહેલા કલ્પેશ ટુડિયાને તુરંત વકીલ સાહેબ બ્રિજ નજીક આવેલી સરસ્વતી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યા હતા.

# તહેવારોની ધૂમ બાદ ચૂંટણીની મૌસમ જામશે

## ૩૩ જીલ્લા પંચાયતો, ૬ મહાપાલિકાઓની સાથે ૯ નવા કોર્પોરેશનની ચુંટણીઓથી મીની ધારાસભા ચૂંટણી જેવો મેગા પોલીટીકલ જંગ જોવા મળશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત એ તહેવારપ્રિય રાજય છે અને ઓગષ્ટથી ઓકટોબર-નવેમ્બર સુધી એક બાદ એક તહેવારોની ધૂમ રહે છે તો બાદમાં અને ખાસ કરીને ઓકટોબર અંતથી જ રાજયમાં રાજકીય પારો પણ શિયાળામાં ઉંચો રહે તેવી ચુંટણીઓમાં રાજય વ્યસ્ત થઈ જાય છે અને હાલ રાજયમાં લાંબા સમયથી ચાલી રહેલા રાજકીય અનિશ્ચિતતાના વાતાવરણ વચ્ચે પણ મોટી પોલીટીકલ-ઈફેકટ સર્જી શકતી એક બાદ એક ચુંટણીઓનું પ્લેટફોર્મ તૈયાર થવા લાગ્યુ છે.

ડિસેમ્બર માસ સુધી ચૂંટણીઓ ગાજતી રહેશે તેવી સ્થિતિ છે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજની સંસ્થામાં જે મીની-ધારાસભા પણ ગણાય છે તેની વર્ષના અંત સુધીમાં યોજાનારી ચુંટણીઓ પુર્વે વિવિધ સહકારી સંસ્થાઓની ચુંટણીઓ ત્યારબાદ આવનારી જીલ્લા પંચાયત- ઉપરાંત નવ જે નવી મહાનગરપાલિકા ચુંટણીઓ ઉપરાંત સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, ભાવનગર સહિત ૬ વર્તમાન મહાનગરપાલીકાઓની ચુંટણીઓ યોજાવાની છે.

રાજયની વર્તમાન ભુપેન્દ્ર પટેલ સરકાર જયારે હવે ત્રણ વર્ષ પુરા કરી રહી છે અને તેથી સરકારની કામગીરીનો પણ પડઘો આ ચુંટણીમાં થશે. ખાસ કરીને હજું ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ અને પુરા સંગઠન માળખા અંગે અનિશ્ચિતતા છે અને મંત્રીમંડળ વિસ્તરણ મુદે પણ થોભો અને રાહ જુવોની સ્થિતિ છે. તેમાં એક વખત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ આવી જાય તો મોટાભાગે ગુજરાત ભાજપે તેના જોર પર લડવું પડશે.

પક્ષનું મોવડીમંડળ આ સમયે બિહારની ધારાસભા ચુંટણીઓ જે ઓકટોબર-નવેમ્બરમાં યોજાવાની છે તેમાં હાલથી જ વ્યસ્ત છે અને અન્ય મહત્વના એજન્ડા પણ છે તેથી ગુજરાત ભાજપ પણ હવે આગામી દિવસોમાં સક્ષમ હાથમાં સોપાય અને તેનીજ ટીમ પણ તેમને આપવી જરૂરી બનશે.

હાલના પ્રમુખ સી.આર.પાટીલ જે રીતે તેમના વધારાના કાર્યકાળમાં હવે ઔપચારીક ફરજો બજાવે છે તેથી નવા પ્રમુખને માટે પદ સંભાળતા જ વ્યસ્ત સમય સાથે સૌથી મહત્વનું સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ભાજપનો હાલનો દબદબો યથાવત રહે તે જોવાનું રહેશે. રાજયમાં આમ આદમી પાર્ટીના પ્રવેશ બાદ ખાસ કરીને વિસાવદર જીતથી પક્ષને નવો જુસ્સો મળ્યો છે.

તે હવે સ્થાનિક ચુંટણીમાં તેની તાકાત વધારશે તો કોંગ્રેસ પણ ફરી બેઠી થવા પ્રયાસ કરી રહી છે અને તેણે ગુમાવવા જેવું ભાગ્યે જ બચ્યુ છે અને તેથી તે પોતાના માટે વધુ મજબૂત સ્થિતિ ૨૦૨૭ની ધારાસભા ચૂંટણી પુર્વે બનાવવા માંગે છે.

# જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા ઓરલ હાઈજીન ડેની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ જામનગર દ્વારા ભારતીય દંત ચિકિત્સાના પિતામહ, ઈન્ડિયન સોસાયટી ઓફ પેરિયોડોન્ટોલોજીના સ્થાપક ડો. જી.બી. શંકવલકરની જન્મજયંતીની યાદમાં ભારતમાં દર વર્ષે ૧ ઓગસ્ટે ઉજવાતા ઓરલ હાઈજીન ડે નિમિત્તે દંત સ્વાસ્થ્ય જાગૃતિ માટે બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ કાર્યક્રમમાં લોકોને મૌખિક સ્વાસ્થ્યનું મહત્વ સમજાવવાનો અને વિવિધ દંત રોગોથી બચવા માટેના ઉપાયો વિશે જાગૃત કરવામાં આવ્યા હતા. આ બે દિવસીય આયોજનમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ, મફત દંત નિદાન કેમ્પ અને મૌખિક સ્વચ્છતા માટેના સાધનોનું વિતરણ જેવા કાર્યક્રમો યોજાયા હતા.કાર્યક્રમના પ્રથમ દિવસે સંસ્થાના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ માટે એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. જલ્પક શુક્લ દ્વારા દાંત અને મોઢાની સંભાળ તથા તેનાથી થતા રોગો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, પર્યાવરણને અનુકૂળ એવા વાંસના ટૂથબ્રશ અને ટૂથપેસ્ટનું વિતરણ કરી પર્યાવરણ અને દંત સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.કાર્યક્રમના અંતે સંસ્થાના ડીન ડો.નયના પટેલ દ્વારા મૌખિક સ્વાસ્થ્ય અને શરીરના અન્ય રોગો વચ્ચેના સંબંધ વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.કાર્યક્રમનો બીજો દિવસે સામાન્ય જનતા સુધી પહોંચવાના હેતુથી મોરકંડા ગામની કન્યા શાળામાં દંત આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિદ્યાર્થીઓ અને શાળાના સ્ટાફને દાંત અને મોઢાની સંભાળના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તમામના દાંતની તપાસ કરી, જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું અને દાંત સાફ રાખવાના સોનેરી નિયમો શીખવવામાં આવ્યા. આ ઉપરાંત, બધાને ટૂથબ્રશ અને ટૂથપેસ્ટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફે લાભ લીધો હતો. શાળાના આચાર્ય વિવેક મુરાસિયાએ આ જનજાગૃતિ કાર્યક્રમ બદલ ડેન્ટલ કોલેજનો આભાર માન્યો હતો.આ સમગ્ર બે દિવસીય કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના ડીન ડો. નયના પટેલ, ડો. રોહિત અગ્રવાલ, ડો. નિશા વર્લિયાની, ડો. દેવાંશુ ચૌધરી અને ડો. અર્પિત પટેલ દ્વારા સઘન જહેમત ઉઠાવવામાં આવી હતી.

# નારી વંદન ઉત્સવ અંતર્ગત પીઠડ ખાતે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,સુરક્ષા નથી એક પસંદગી, એ દરેક મહિલાનો હક છે આ સૂત્ર સાથે જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મહિલાઓ પર થતી હિંસા, શોષણ અને અન્ય અત્યાચારો સામે જાગૃતિ લાવવા તથા મહિલાઓને કાયદાકીય અધિકારો, આત્મરક્ષા અને સુરક્ષાના ઉપાયો વિશે માર્ગદર્શન આપવાના હેતુથી નારી વંદન ઉત્સવ નિમિત્તે ૧લી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ જોડિયા તાલુકાના પીઠડ ગામે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે દહેજ પ્રતિબંધક અધિકારી સોનલબેન અને DLSAના ઉર્મિલાબેન દ્વારા મહિલાઓ પર થતી ઘરેલુ હિંસા અને તેના કાયદાકીય પાસાંઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ ચાલતી વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ અને




SHETEAMની કામગીરી વિશે પણ સમજણ આપવામાં આવી હતી. પોક્સો એક્ટ અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે જિલ્લા કારોબારી અધ્યક્ષ ચંદ્રિકાબેને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું અને ઉપસ્થિત મહિલાઓને બેગનું વિતરણ કર્યું હતું. આ ઉપરાંત, વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમ અને દીકરી વધામણા કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું અને મહિલા સુરક્ષા જાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં હાજર રહેલા તમામ મહાનુભાવો, મહિલાઓ અને ગ્રામજનોએ સહભાગી થઈને આ દિવસની ઉજવણીને સફળ બનાવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા કારોબારી અધ્યક્ષ ચંદ્રિકાબેન, તાલુકા પંચાયત પ્રમુખ રસીલાબેન, ગામના સરપંચ અનસોયાબેન, DLSAના ઉર્મિલાબેન, સાયબર ક્રાઈમમાંથી જોસનાબેન, તેમજ મહિલા અને બાળ અધિકારી.પી.આર. ડોડીયા,ડીએચડબ્લ્યુઇ ના સભ્યો, સખી વન સ્ટોપ સેન્ટરના સભ્યો સહિત બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના અમોદ્રા-સુલતાનપુર-કાણેકબરડા રોડ તથા નાલીયા-માંડવી-ખઢેરા રોડનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા ઉના તાલુકાના અમોદ્રા સુલતાનપુર, કાણેકબરડા રોડ'' અને ''નાલીયા .માંડવી, ખઢેરા, ગુપ્તપ્રયાગ રોડ'' નું નવીનીકરણ કરવા માટે સરકારમાં રજુઆત કરી હતી. ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાને લઈ સરકાર દ્વારા રૂ. ૧ કરોડ ૬૫ લાખ ૮૮ હજારના ખર્ચે ''અમોદ્રા, સુલતાનપુર, કાણેકબરડા રોડ'' તેમજ રૂ. ૧ કરોડ ૬૬ લાખ ૭ હજારના ખર્ચે ''ના.માંડવી, ખઢેરા, ગુપ્તપ્રયાગ રોડ ઉના તાલુકાના આ બે માર્ગોનું નવીનીકરણ કરવા માટેની મંજૂરી આપી.રૂ. ૩ કરોડ ૩૧ લાખ ૯૫ હજાર થી વધુના ખર્ચે બનનાર ઉના તાલુકાના અમોદ્રા, સુલતાનપુર, કાણેકબરડા રોડ'' અને નાલીયા.માંડવી, ખઢેરા, ગુપ્તપ્રયાગ રોડ આ બે રસ્તાઓનું ખાતમુહૂર્ત આજરોજ ઉનાના માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ તકે જીલ્લા પંચાયત ના સદસ્યના પ્રતિનિધિ બાબુભાઈ બાંભણીયા, હરિભાઈ સોલંકી, તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન મોહનભાઈ વાજા, અમોદ્રા ગામના સરપંચ અજીતસિંહ મોરી, નાલીયા માંડવી ગામના સરપંચ





રફીકભાઈ સુમરા, તેમજ ભવ્ય પોપટ સાહેબ તેમજ નાલીયા માંડવી ગામ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે તાલુકા ભાજપ ઉપપ્રમુખ કિરણભાઈ મોરી, વીરભણભાઈ મોરી, માનસિંગભાઈ જાદવ, બાલુભાઈ સોલંકી, વનરાજસિંહ રાઠોડ, રાહુલભાઈ બાંભણીયા, પ્રવીણભાઈ બાંભણીયા, ધીરુભાઈ ચારણીયા, માર્ગ મકાન વિભાગના અધિકારીઓ તેમજ સૌ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પરા પીપળીયા ગામે બહેને ગૃહ કલેશની જાણ કરતા ભાઈનો બનેવી ઉપર હુમલો

### ટીફિન બનાવવા મુદ્દે દંપતિ વચ્ચે થયેલી રકઝકમાં પતિના હાથ-પગ ભાંગી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર પરા પીપળીયા ગામે રહેતા રાજેશભાઈ આયધનભાઈ હુંબલ(ઉ.વ.૩૩)ને તેમના જસદણમાં રહેતા સાળા વિજયભાઈ જીવાભાઈ બોરીચા અને લાલો બોરીચાએ મારમારી હાથ અને પગ ભાંગી નાખતા તેમને એઈમ્સ હોસ્પિટલમાં સારવારમાં ખસેડી આ અંગે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. રાજેશભાઈએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા૦૪/ ૦૮ના બપોરના દોઢેક વાગ્યાના અરસામાં હું મારા ઘરે હતો, ત્યારે મારા સાળા વિજયભાઈ જીવાભાઇ બોરીચા તથા તેનો પિતરાય ભાઈ લાલો બોરીચા મારા ઘરે આવીને મારી સાથે બોલાચાલી કરવા લાગ્યા અને મારા સાળા વિજયભાઈએ ધોકા વડે પગમાં તથા હાથમાં મારવા લાગ્યા હતા અને મને જમણા પગમાં તથા ડાબા હાથના ભાગે ધોકા વડે મારેલ છે અને આ લોકો માર મારી મારી પત્ની કોમલ તથા મારા દીકરો હેતરાજને તેમની સાથે લઈ ગયેલ અને અમારા ઘરે હાજર મારા મમ્મી લાખુબેન તથા મારા મોટાભાઈ સંજયભાઈ મને ૧૦૮માં સારવારમાં અહીં એઈમ્સમાં લાવી દાખલ કરેલ છે.મારા જમણા પગમાં તથા ડાબા પગમાં ફેક્ચર થયેલ છે.આ બનાવનું કારણ એવું છે કે અમારા જેસેબીના ઓપરેટર માટે જમવાનું ટિફિન બનાવવાનું હોય જે બાબતે મેં મારી પત્નીને કહેતા તેણે તેના ભાઈને આ બાબતે ફોનથી જાણ કરેલ હોય જેનો ખાર રાખી આ મારા સગા સાળા વિજય તથા તેનો પિતરાઈ ભાઈએ આવી મારી સાથે ઝઘડો કરી ધોકા વડે હુમલો કર્યો હતો.

# રાજકોટમાં ''સંસ્કૃત ગૌરવ યાત્રા'' નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

### સંસ્કૃત સુભાષિતો, સ્તોત્ર ગાન અને વકતૃત્વ સ્પર્ધામાં ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી સંસ્કૃત ભાષાનું ગૌરવ જાળવવા અને તેનું મહત્વ વધારવાના હેતુસર તા. ૬ ઓગસ્ટના રોજ જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશની અધ્યક્ષતામાં ''સંસ્કૃત ગૌરવ યાત્રા'' યોજાશે. જે નિમિત્તે રાજકોટ જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા જી. કે. ધોળકીયા શાળા ખાતે સંસ્કૃત વિષયક વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.

આ કાર્યક્રમનો આરંભ સરસ્વતી વંદનાથી કરવામાં આવ્યો હતો. સ્પર્ધામાં પ્રાથમિક શિક્ષણ વિભાગ - ધો. ૦૬થી ધો. ૦૮ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગ - ધો. ૦૯થી ધો. ૧૨ એમ બે વિભાગોમાં સંસ્કૃત સુભાષિતો, સંસ્કૃત સ્તોત્ર ગાન અને સંસ્કૃતમાં વકતૃત્વની સ્પર્ધાઓ યોજાઇ હતી. શાળા કક્ષા અને સી.આર.સી. કક્ષાએ આયોજિત સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે વિજેતા થયેલા સ્પર્ધકો વચ્ચે યુ.આર.સી. કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પૂર્વ ઝોન, સેન્ટ્રલ ઝોન અને વેસ્ટ ઝોન મળીને કુલ ૧૩ શાળાના ૨૧ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

પ્રાથમિક શિક્ષણ વિભાગમાં સંસ્કૃત સુભાષિતો સ્પર્ધામાં શાળા નંબર ૫૮ની વિદ્યાર્થીની અક્ષા યાસીનભાઈ નરવાવ, સંસ્કૃત સ્તોત્ર ગાન સ્પર્ધામાં શક્તિ ગુરુકુળ - મેટોડાનો વિદ્યાર્થી પ્રતીક સુરેશભાઈ મહેતા અને વકતૃત્વ સ્પર્ધામાં શાળા નંબર ૧૩ની વિદ્યાર્થીની ફોરમ પરેશભાઈ સોરઠીયાએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ વિભાગમાં સંસ્કૃત સુભાષિતો સ્પર્ધામાં વી. જે. મોદી શાળાની વિદ્યાર્થીની અદ્વેતા ગૌરાંગભાઈ પંડ્યા, સંસ્કૃત સ્તોત્ર ગાન સ્પર્ધામાં જી. ટી. શેઠ શાળાનો વિદ્યાર્થી પંડ્યા માનીત કે. તથા વકતૃત્વ સ્પર્ધામાં પી. વી. મોદી સ્કૂલનો વિદ્યાર્થી ભવ્યરાજ જયદીપસિંહ ઝાલાએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે સંસ્કૃત સ્તોત્ર ગાન સ્પર્ધામાં કૃષ્ણાષ્ટકમ સ્તોત્ર, મધુરાષ્ટક સ્તોત્ર, ભવાની અષ્ટક સ્ત્રોત, શિવ તાંડવ સ્ત્રોત, હરિ સ્ત્રોત્ર, મહીસાસુરમર્દની સ્ત્રોત જેવા સ્તોત્રનું ગાન કરાયું હતું.આ કાર્યક્રમના અધ્યક્ષ ડો. રાજેન્દ્રભાઈ ચોટલીયા (નિવૃત્ત અધ્યક્ષ, સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)એ સંસ્કૃત ભાષાના મહત્વ વિશે પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડી. એચ. કોલેજના પ્રાધ્યાપક ડો. જગતભાઈ તેરૈયા, સંસ્કૃત શક્તિ ગુરુકુળ - મેટોડાના પ્રિન્સિપાલ શ્રી અક્ષયભાઈ જોશી, શાળા નંબર ૧૩ના સંસ્કૃત શિક્ષક ભાવેશભાઈ ભટ્ટએ ભૂમિકા નિભાવી હતી. રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિતભાઈ પટેલની સૂચના મુજબ મુખ્ય નોડેલ અધિકારી યોગેશભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન શાળા નંબર ૧૩ના સંસ્કૃત શિક્ષક ભાવેશભાઈ ભટ્ટએ કર્યું હતું.

આ તકે ઈ.આઈ. મુકેશભાઈ ધંધુકિયા, ઓ.એસ. અન્સારી, આચાર્ય જયેશભાઈ ઝીંઝુવાડીયા, હરેશભાઈ જોશી, શાળા સલાહકાર, ટ્રસ્ટી જીતુભાઈ ધોળકીયા સહિત શિક્ષણ કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### આગામી તા.૭ થી ૯ ઓગસ્ટ દરમ્યાન


# ગુરૂ જો દર ખાતે ગુરૂ અર્જુનદેવ મસંદ સાહેબની ૪૫મી વાર્ષીક પુણ્યતીથીની શ્રધ્ધાપૂર્ણ ઉજવણી કરાશે

### ત્રિ દિવસીય કાર્યક્રમમાં અખંડ પાઠ, આરતી સાહિબ, સત્સંગ, આસાદીવાદ, શબ્દકીર્તન અને ભોજન પ્રસાદ સહિતના ધાર્મીક કાર્યક્રમો યોજાશેઃ મોટા ગજાના કલાકારો પોતાની કલા પીરસશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૮,ગાયકવાડીમાં આવેલ સીંધી સમાજના પવીત્ર દેવસ્થાન ગુરૂ જો દર,સ્વર્ગધામ ખાતે તા.૭ થી ૯ ઓગસ્ટ દરમ્યાન પ. પૂ. ગુરૂ અર્જુનદેવ મસંદ સાહેબની ૪૫મી વાર્ષીક પુણ્ય-તીથીની શ્રધ્ધાપૂર્ણ ઉજવણી કરાશે. આ ત્રિ દીવસીય કાર્યક્રમમાં ભાગ લેવા દેશ-વિદેશના અનુયાયીઓ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ સંદર્ભે માહિતી આપતા ગુરૂ જો દરના ટ્રસ્ટી કૃપાલભાઇ કુંદનાણીએ જણાવ્યું હતું કે, તા.૭ ઓગસ્ટને ગુરૂવારે


समरथ सतगुरुबाबा अर्जुनदेव मसंद साहेब

સવારે ૧૧ કલાકે અખંડ પાઠથી કાર્યક્રમનો શુભારંભ થશે. સાંજે ૭:૩૦ કલાકે આરતી તેમજ રાત્રીના ૯:૩૦ કલાકે મહાકિર્તન યોજાશે. તા.૮ ઓગસ્ટને શુક્રવારના સવારે ૧૧ વાગ્યે આસાદીવાદ તેમજ શબ્દ કીર્તન, સાંજે ૭:૩૦ કલાકે આરતીસાહિબનો કાર્યક્રમ યોજાશે. તા.૯ ઓગસ્ટના શનિવારના બપોરે ૧૨ કલાકે અખંડ પાઠ સાહિબનો ભોગ અને પ્રસાદ ભોજન યોજવા સાથે કાર્યક્રમની પુર્ણાહુતી થશે.

આ ત્રિ દિવસીય કાર્યક્રમમાં પધારવા ગુરૂ જો દર તરફથી ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવ્યું છે.

# કોઠારીયા સોલવન્ટમાં યુવાનની હત્યા કરનાર ભાણેજ સહિત ચાર ઝડપાયા

### ધરમની માનેલી બહેને પુત્રને મિત્ર યુવતિને સાથે ફેરવવાની ના પાડતા થયેલા ઝઘડામાં વચ્ચે પડેલા યુવકને છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધુ તુ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કોઠારીયા સોલવન્ટમાં ખુની ખેલ ખેલાતા ચકચાર મચી ગયો હતો. જેમાં મહિલાએ પુત્રને મિત્ર યુવતી સાથે ફરવા મુદ્દે ઠપકો આપતાં માતા- પુત્ર વચ્ચે ઝઘડો થયો હતો. જે ઝઘડામાં બહેનને છોડાવવા વચ્ચે પડેલા ધરમના ભાઈ ઉપર ભાણેજ અને તેની ગર્લફ્રેન્ડ સહિતના ચાર શખ્સોએ છરીના ઘા ઝીંકી યુવકનું ઢીમ ઢાળી દીધું હતું. યુવકના મોતથી પરિવારમાં કરૂણકલ્પાંત સર્જાયો હતો. પોલીસે યુવકના હત્યારા ચારેય શખ્સોને ઝડપી લઈ રિમાન્ડની તજવીજ હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી મુજબ મુળ પરડીના ભાવેશભાઈ કરૂણાશંકર વ્યાસ (ઉ.વ.૩૮) સાંજના અરસામાં શિતળાધર ૨૫ વરીયામાં પોતાની ધર્મની બહેન વર્ષાબેન દાતીના ઘરે હતાં ત્યારે વર્ષાબેનના પુત્ર ધ્રુવ મુકેશભાઈ દુધરેજીયા, શ્વેત દીપસિંગ ગોહેલ, જેનીશ રજપૂત અને કૌશલ ઉર્ફે બાઠીયો સાધુએ છરીથી હુમલો કરતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં હતાં. જ્યાં ભાવેશભાઈ વ્યાસનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પેલેસને જાણ કરતાં આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ. બી. જાડેજા, પીએસઆઈ જે.જી. રાણા, હારૂનભાઈ ચનીયા, લક્ષ્મણભાઈ મકવાણા સહિતની ટીમે ઘટના સ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી. મૃતક ભાવેશભાઈ વ્યાસના પત્નિ સગુણાબેન વ્યાસે ફરિયાદ નોંધાવી હતી. હરક્તમાં આવેલી બ્રાંચ અને આજીડેમ પોલીસ મથકની ટીમે રાતોરાત ચારેય શખ્સોને સકંજામાં લઈ રિમાન્ડની તજવીજ હાથ ધરી છે. સગુણાબેને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે હું મારા દકરાઓ દર્શન, યશ, પતિ ભાવેશભાઈ સાથે રહુ છું. મારા પતિ ભાવેશભાઈ સાથે મેં આઠ વર્ષ પહેલ કોર્ટ મેરેજ કર્યા છે. આગાઉ મારા લગ્ન નવયુગપરાના ભરતભાઈ ચૌહાણ સાથે થયા હતાં. તેના થકી જ આ બે દિકરાનો જન્મ થયો હતો. ભરત સાથે મનમેળ ન થતાં છૂટાછેડા લીધા બાદ ભાવેશભાઈ સાથે લગ્ન કર્યા હતાં. ભાવેશભાઈ છુટક ટ્રક ડ્રાઈવીંગ કરતાં હતાં. કોઠારીયા સોલવન્ટ શીતળાધર ૨૫ વારીયામાં રહેતાં વર્ષાબેન દાતીએ મારા પતિ ભાવેશભાઈને ધર્મના ભાઈ બનવ્યા હોઈ જેથી મરા પતિ વરંવાર તેના ઘરે બેસવા જતા હતાં. બપોર બાદ જમીને મરા પતિ વર્ષાબેનના ઘરે ગયા હતાં. બાદમાં સાંજે મને વર્ષબેને ફોન કરી જાણ કરી હતી કે ભાવેશભાઈને મારા ઘર પાસે ઝઘડો થયો છે અને લાગી ગયું છે. જેથી હું મારા દિકરા સાથે વર્ષાબેનના ઘરે જતાં ઓરડીમાં મારા પતિ લોહીલુહાણ પડેલા હતાં. મેં આ બનાવ બાબતે વર્ષાબેનને પુછતાં વર્ષાબેને કહેલુ કે હું અને ભાવેશભાઈ મારા ઘરમાં બેઠા હતાં ત્યારે મારો દિકરો ધ્રુવ તેના મિત્રો જૈનીશ ઉર્ફે જેનીયો, શ્વેત ગોહેલ અને કૌશલ બાઠીયો આવ્યા હતાં. મારા દિકરા ધ્રુવે મારી સાથે ઝઘડો કરવાના ઈરાદે જ એવુ પુછ્યું હતું કે જયલો રજપૂત કયાં છે? જેથી મેં કહેલુ કે મને એની ખબર નથી. જેથી મારો દિકરો ધ્રુવ મારી સાથે મથાકુટ કરવા માંડયો હતો. તે ગાળો દેતો હોઈ મારા ધર્મના ભાઈ ભાવેશભાઈ તેને સમજાવા વચ્ચે પડતાં હત્યા કરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે હત્યારા શખ્સોને ઝડપી લઈ રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

# લેન્ડગ્રેબિંગ કમિટીની બેઠકમાં ૬૩ કેસમાંથી ત્રણમાં FRI

### ૧૪ કેસમાં સમાધાન, ૪૨ કેસ પડતા મુકાયાઃ શહેરમાં બે અને ગ્રામ્યમાં ૧ કેસમાં ફરિયાદ નોંધાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને મળેલી લેન્ડગ્રેબિગ કમિટીની બેઠકમા મંગળવારે કુલ ૬૩ કેસ રજૂ થયા હતા જેમાં ૪૨ કેસ પડતા મુકવા નિર્ણય કરી કુલ ત્રણ કેસમાં ફોજદારી ફરિયાદ નોંધાવવા માટે આદેશ કરવામાં આવ્યો હતો. લેન્ડગ્રેબિગના આ ત્રણ કેસમાંથી બે કેસ રાજકોટ શહેરના તેમજ એક કેસ રાજકોટ ગ્રામ્યનો હોવાનું જાણવા મળે છે.

પારકી જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ મુકતા કાયદા અંતર્ગત મંગળવારે રાજકોટ કલેકટર જિલ્લા ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને લેન્ડ ગ્રે બિગ કમિટીની બેઠક યોજાઈ હતી. લેન્ડગ્રેબિગ કમિટી સમક્ષ કુલ ૬૩ કેસ રજૂ થયા હતા જેમાં કુલ ૪૨ કેસ પડતા મુકવા નિર્ણય લેવાયો હતો. સાથે જ ૧૪ કેસમાં બન્નેપક્ષે સમાધાન.

આ ઉપરાંત ૪ કેસને પેન્ડિંગ રાખવામાં આવ્યા હતા અને કુલ ત્રણ કેસમાં ફોજદારી ફરિયાદ નોંધાવવા હુકમ કરવામાં આવ્યો હતો જેમાં રાજકોટ શહેરના બે કેસ અને રાજકોટ ગ્રામ્યનો એક કેસ હોવાનું સત્તાવાર સત્રો એ જણાવ્યું હતું.

# વીર જવાનો માટે દોડ્યું રાજકોટ






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રહિત સર્વોપરીની ભાવનાને વરેલી ન્યૂઝ કેપિટલ ચેનલ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ પોલીસ વિભાગના સહયોગ સાથે દેશના વીર જવાનો માટે આજે સવારે ૫ વાગ્યે ''વીરાથોન''નું આયોજન રેસકોર્સ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં અને તેઓના વરદ હસ્તે ''વિરાથોન''ને ફ્લેગ ઓફ કરી દોડની ભવ્ય શરૂઆત કરાવવામાં આવી હતી. આ પૂર્વે ધારાસભ્ય ડૉ. દર્શીતાબેન શાહે પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યુ હતું કે, સમગ્ર વિશ્વમાં ભારતને ગૌરવાંકિત કરનાર ભારતીય સૈન્યના શૌર્યપૂર્ણ ''ઓપરેશન સિંદૂર''ને પગલે સેનાના વીર જવાનોની વીરતાને બિરદાવવા અને કૃતજ્ઞતા પ્રગટ કરવા માટે યોજાયેલ ''વિર-ાથોન''ના અવસરે રાજકોટવાસીઓ સેનાને સલામ કરે છે.

# મીરા ઉદ્યોગ પાસે યુવાનની હત્યામાં એક ડઝન શંકાસ્પદોની પૂછપરછ : બનાવ અણઉકેલ

### ૧૭ કલાકમાં બે-બે હત્યાઓ થતા શહેરની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી સામે સવાલઃ જયલો રાજપુત ? ક્યા છે, કહી માતા સાથે ઝઘડો કરતા પુત્રને સમજાવા જતા નિર્દોષ યુવકનુ ઢીમ ઢાળી દેવાયુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૧૭ કલાકમાં બે-બે યુવકોની હત્યા જેવા ગુનાઓ વધતા પોલીસના કાયદા અને પરીસ્થીતી સામે સવાલો ઉઠયા છે. જેમા થોરાળા વિસ્તારમાં મીરા ઉદ્યોગ પાસે પટ્ટમાંથી યુવકની પથ્થરના ઘા ઝીંકી હત્યા કરવાના બનાવમાં ક્રાઈમ બ્રાંચ અને થોરાળા પોલીસે શંકાસ્પદ હાલતમાં એક ડઝન જેટલા શંકાસ્પદ શખસોને ઉઠાવી લીધા હતા અને તેની પુછતાછ કર્યા બાદ કંઈ કડી નહી મળતા બનાવ ૨૪ કલાક બાદ પણ હજુ અણઉકેલ રહ્યો છે.

આ અંગે ની માહિતી મુજબ કોઠારીયા રોડ નજીક મીરા ઉદ્યોગ પાસેના પટ્ટમાંથી ઓરીસ્સાના યુવકની લાશ મળી આવતા ક્રાઈમ બ્રાંચ, થોરાળા પોલીસ,એલસીબી સહીતની ટીમે પહોચી તપાસ કરી હતી. પોલીસની તપાસમાં મૃતક મુળ ઓરિસ્સાનો અને હાલ છેલ્લા ૧૫ દિવસથી નારોદાનગરમાં ઓરડી ભાડે રાખી રહેતો સુધીર ચુમારૂ સુના (ઉ.૩૪) હોવાનુ અને તેના મોટા ભાઈ સાથે લાદી ધસવાની મજુરી કામ કરતો હોવાનુ બહાર આવ્યુ હતુ. બનાવમાં ક્રાઈમ બ્રાંચ, થોરાળા પોલીસ અને લોકલ એલસીબીની ટીમે એક ડઝનથી વધુ શંકાસ્પદોની પુછતાછ કરી હતી તેમજ સીસીટીવીના આધારે તપાસ કરી હતી પરંતુ ૨૪ કલાક બાદ હજુ પણ હત્યાનો બનાવ વણઉકેલ રહ્યો હોવાનુ બહાર આવ્યુ છે.

# મિત્રના બાઈકમાંથી ઉતરી રસ્તો ઓળંગતા યુવકનું ટ્રકની ઠોકરે મોત

### ગોંડલ રોડના રિધ્ધી સિધ્ધીના નાલા પાસે સર્જાયેલો અકસ્માતઃ આજીડેમ પોલીસે અકસ્માત સર્જનાર સામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર રહેતો યુવક ગઈકાલ ગોંડલ ચોકડી પાસે રિધ્ધી સિધ્ધીના નાલા પાસે મિત્રના બાઈકમાંથી ઉતરી રસ્તો ઓળંગવા જતા હતો ત્યારે ટ્રકે હડફેટે લેતા યુવકનું ગંભીર ઈજા પહોંચવાથી સારવારમાં મોત નિપજયું હતું.બનાવના પગલે અકસ્માત સર્જનાર ટ્રક ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મોરબી રોડની બજરંગ સોસાયટીમાં રહેતાં મુકેશ રામજીભાઈ માંડાણી ઉ.૪૧ ગઈકાલે મિત્ર જીતેશ બાબુભાઈ સોલંકીના બાઈક પાછળ બેસીને કોઠારીયા રોડના સાંઈબાબા સર્કલ તરફ કામ માટે જઈ રહ્યો હતોત્યારે ગોંડલ રોડ ચોકડી રિધ્ધી સિધ્ધીના નાલા પાસે પહોંચ્યા તે વખત રસ્તા પર ખાડો આવતા મુકેશ બાઈકમાંથી ઉતરી રસ્તો ઓળંગતો હતો ત્યારે પાછળથી માતેલો સાંઢ બની આવેલ ટ્રકે ઠોકરે ચડી જતા યુવકને ગંભીર ઈજા પહોંચી હતી બનાવના પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થયા હતા ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે તાકિદે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો

જયાં ટુંકી સારવાર દરમ્યાન હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક ત્રણ ભાઈ અને એક બહેનમાં મોટા હતા સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે અકસ્માત સર્જી નાશી છુટેલા ટ્રક ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ઉપલેટામાં અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિની બેઠક સર્કિટ હાઉસ માં યોજાઈ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**
**અહેવાલ - વિજય રાડીયા**

ઉપલેટા માં કોલકી રોડ પર સરકીટ હાઉસ માં પત્રકાર સુરક્ષા સમિતિને લઈ અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતીનાં અધ્યક્ષ જીજ્ઞેશભાઈ કાલાવડિયા ની આગેવાનીમાં પત્રકારોની બેઠક મળી હતી આવનારા સમયમાં સમગ્ર રાજ્યમાં પત્રકારોની સુરક્ષાને લઇ કાયદાની જોગવાઇ માટે સરકાર સમક્ષ રજુઆતો કરવા અને અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતીને મજબૂત બનાવવા તેમજ દરેક તાલુકા અને જીલ્લાઓમાં હોદ્દેદારોની નિમણુક કરવાને લઇ રાષ્ટ્રીય અધ્યક્ષ જીજ્ઞેશભાઈ કાલાવડીયાની આગેવાનીમાં એક અગત્યની મિટિંગની આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉપલેટા શહેરના અને તાલુકાના પત્રકારો , કાનભાઈ સૂવા , દિનેશભાઈ ચંદ્રવાડિયા, ઈમરાન સરવદી, જગમાલ સૂવા, સરફરાઝ કોડી, આશિષ લાલકિયા, આસિફ ખોખર, રાજુ ચૌહાણ, ભાવેશ ગોહેલ, રજાક રાવકુંડા, શાહરૂખ પિરજાદા વિજય રાડિયા સહિતના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો હાજર રહયાં હતાં



# નેશનલ હાઈવેથી નવાગામ (આણંદપર) એપ્રોચ રોડ પરનો આર્ચ ટાઈપ માઈનર બ્રિજ ભારે વાહનો માટે બંધ

## ભારે વાહનોની આવન-જાવન માટે ડાયવર્ઝન જાહેર કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નેશનલ હાઈવેથી નવાગામ (આણંદપર) એપ્રોચ રોડ પર આવેલો રાજાશાહી વખતનો આર્ચ ટાઈપ મેશનરી માઈનર બ્રિજ ખરાબ હાલતમાં હોવાથી ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે.

આ અંગે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ કરેલા આદેશમાં ફરમાવ્યું છે કે, આ બ્રિજની સ્થિતિ ખરાબ હોવાથી ભારે વાહનોની અવર-જવર માટે જોખમી બની શકે છે. આથી તેને ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે અને વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ, રાજકોટથી નવાગામ (આણંદપર) ગામ તરફ જતા ભારે વાહનો રાજકોટ-કુવાડવા નેશનલ હાઈવે સોખડા સાત હનુમાન ફ્લાય ઓવર બ્રિજ નીચેથી નવાગામ તરફ જઈ શકશે. જ્યારે નવાગામ (આણંદપર) ગામથી કુવાડવા તરફ જવા માટે નવાગામથી રાજકોટ-કુવાડવા નેશનલ હાઈવે તરફ જઈ શકાશે. બ્રિજ બનાવવાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ જાહેરનામું અમલમાં રહેશે અને તેનુ ઉલ્લંઘન કરનારા શિક્ષાને પાત્ર ઠરશે. પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આ જાહેરનામું આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

# રાજકોટના લોકમેળામાં સ્ટોલ-પ્લોટ લેવા ઈચ્છુકો ૦૬ ઓગસ્ટે ફોર્મ જમા કરાવી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં રેસકોર્ષ મેદાન ખાતે લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા તા. ૧૪ ઓગસ્ટથી તા. ૧૮ ઓગસ્ટ દરમિયાન લોકમેળો - ૨૦૨૫નું આયોજન કરાયું છે. જેમાં વિવિધ કેટેગરીના બાકી રહેલા સ્ટોલ અથવા પ્લોટ લેવા ઈચ્છુકોએ રાજકોટ શહેર - ૧ પ્રાંત કચેરી ખાતે તા. ૦૬ ઓગસ્ટના રોજ બપોરે ૧૨ કલાકથી બપોરે ૦૨ કલાક સુધીમાં જરૂરી તમામ કાગળો અને ડી.ડી. સાથે ફોર્મ જમા કરાવવાના રહેશે. બાકી રહેલા પ્લોટની 'વહેલા તે પહેલા'ના ધોરણે ફાળવણી કરાશે.

એક પ્લોટ પર એકથી વધુ દાવેદારોના કિસ્સામાં વધુ ભાવ આપનારાને પ્રાથમિકતાના ધોરણે સ્ટોલ / પ્લોટની ફાળવણી કરાશે. પ્લોટધારકોએ ફોર્મની નિયત પ્રક્રિયા ફરજિયાત અનુસરવાની રહેશે. આ સ્ટોલ / પ્લોટ ફાળવણીનો અંતિમ નિર્ણય લોકમેળા સમિતિનો રહેશે, જેની નોંધ લેવા લોકમેળા અમલીકરણ સમિતિની યાદીમાં જણાવાયું છે.

# પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ દ્વારા બસ પોર્ટ ખાતે ગુજરાત સરકારની વોટ્સએપ ચેનલ અને લોગો સ્પર્ધાના સ્ટીકર લગાવાયા

## 'ગુજરાત ઈન્ફોર્મેશન' વોટ્સએપ ચેનલ ફોલો કરવા તથા Gujarat@75 લોગો ડિઝાઈન સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ દ્વારા બસ પોર્ટ ખાતે ગુજરાત સરકારની વોટ્સએપ ચેનલ અને લોગો ડિઝાઈન સ્પર્ધાના સ્ટીકર લગાવવામાં આવ્યા હતાં. આ સ્ટીકરના માધ્યમથી જનતાને વોટ્સએપ ચેનલ ફોલો કરવા તથા લોગો ડિઝાઈન સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારનો માહિતી વિભાગ સરકારની જનકલ્યાણકારી યોજનાઓ, અભિયાનો અને કાર્યક્રમોને જનતા સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. માહિતી ખાતાની વડી કચેરી સંચાલિત 'ગુજરાત ઈન્ફોર્મેશન' ચેનલમાં સરકાર સંબંધિત જાણકારી મળી રહે છે. અહીં આપેલી લિંક પર ક્લિક કરીને https://whatsapp.com/channel/0029VaTfD2nKwqSbFOGPlm22 વોટ્સએપ ચેનલ પર જોડાઈ શકાશે.

આ ઉપરાંત, વર્ષ ૨૦૩૫માં ગુજરાત રાજ્યની સ્થાપનાના ગૌરવશાળી ૭૫ વર્ષ પૂર્ણ થશે. જેની ઉજવણી માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ mygov.in પ્લેટફોર્મ પર રાષ્ટ્રીયસ્તરે Gujarat@75 લોગો ડિઝાઈન સ્પર્ધાનું આયોજન કર્યુ છે. આ રાષ્ટ્રીય સ્પર્ધામાં દેશભરમાંથી નાગરિકો પોતે ડિઝાઈન કરેલો લોગો આગામી તા. ૧૪ ઓગસ્ટ સુધીમાં https://www.mygov.in/task/gujarat75-years-logo-competition/ લિંક પર સબમીટ કરી શકશે.

# કટારીયા ચોકડી પરના ફ્લાય ઓવરની કામગીરીના લીધે કરાયેલી વૈકલ્પિક રૂટની વ્યવસ્થા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર ખાતે આવેલ કાલાવડ રોડ ૧૫૦ ફુટ રીંગ રોડ-૨, કટારીયા ચોકડી પર ફ્લાય ઓવર બ્રિજ તથા અંડરપાસ (બ્રિજ) બનાવવાની કામગીરી અન્વયે રોડની બંને બાજુએ સર્વિસ રોડ બનાવાયા છે, આથી કટારીયા ચોકડી ખાતેનો ટ્રાફિક બંધ કરી અન્ય વૈકલ્પિક રસ્તાઓ પર ટ્રાફિકને ડાયવર્ટ કરવા પ્રતિબંધિત રૂટ તથા વૈકલ્પિક રૂટ અંગેના આદેશો પોલીસ કમિશનર શ્રી બ્રજેશ કુમાર ઝાએ જારી કર્યા છે.

જે મુજબ રાજકોટના કણકોટ પાટીયાથી વીર-વિરૂ તળાવવાળા રસ્તેથી ૧૫૦-ફુટ રીંગ રોડ-૨ માટે વૈકલ્પિક રૂટ ૧૫૦-ફુટ રીંગરોડ-૨ જામનગર રોડ રોડથી કાલાવડ રોડથી ૧૫૦-ફુટ રિંગ રોડ-૨ ગોંડલ રોડ તરફ આવતા ભારે તથા ઈન્ડસ્ટ્રીયલ વાહનો માટે આવવા જવા માટે ૧૫૦-ફુટ રિંગ રોડ-૨થી રત્નવિલાસ પેલેસવાળા રસ્તે થઈ કાલાવડ રોડ કણકોટ પાટીયાથી વીર-વિરૂ તળાવવાળા રસ્તેથી ૧૫૦-ફુટ રીંગરોડ-૨થી અવર-જવર કરી શકાશે. આ આદેશ ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.જેનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

# રાજકોટ જિલ્લામાં ૧૦ ઓગસ્ટ સુધીમાં હળવા વરસાદી ઝાપટાની શક્યતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજકોટ જિલ્લામાં તા.૦૬થી ૧૦ ઓગસ્ટ સુધીમાં ભેજવાળું અને વાદળછાયું હવામાન રહેવાની શક્યતા છે. આ સાથે છૂટાછવાયા વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે.

આ સમયગાળામાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૧-૩૨ ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન રાત્રિ તાપમાન ૨૩-૨૪ ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે. જ્યારે મહત્તમ ભેજનું પ્રમાણ ૯૦-૯૦ ટકા તથા લઘુતમ ભેજનું પ્રમાણ ૮૦-૮૫ ટકા રહી શકે છે. પવનની દિશા નૈઋત્યની રહેવાની અને પવનની ઝડપ ૧૩થી ૧૬ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

''હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા સ્વતંત્રતા કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ''

# રાજકોટમાં કલા મહાકુંભ અંતર્ગત 'હર ઘર તિરંગા' સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં કલા મહાકુંભ ૨૦૨૫-૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ રાજ્ય સરકાર દ્વારા સ્વતંત્રતા દિવસની પૂર્વ ઉજવણી રૂપે 'હર ઘર તિરંગા' અભિયાન પણ ચાલી રહ્યું છે. ત્યારે રાજકોટમાં કલા મહાકુંભની સાથે 'હર ઘર તિરંગા' અભિયાનની વિવિધ પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી રહી છે.

રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા શહેર કક્ષાનો કલા મહાકુંભ તા. ૮ ઓગસ્ટ સુધી યોજવામાં આવ્યો છે. જે અંતર્ગત તા. ૫ ઓગસ્ટે હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતે લોકનૃત્ય, ગરબા, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, લગ્નગીત, ભરતનાટ્યમ, વક્તૃત્વ, હાર્મોનિયમ, તબલા તથા ઓરગન એમ ૯ જેટલી સ્પર્ધાઓ યોજાઈ હતી. જેના સ્પર્ધક કલાકારોએ મંચ પર રાષ્ટ્રધ્વજ સાથે પ્રસ્તુતિ કરી હતી.

આ ઉપરાંત, અહીં 'હર ઘર તિરંગા' સેલ્ફી પોઈન્ટ લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ તકે કલાકારોને મોબાઈલમાં સેલ્ફી લઈ, તેને 'હર ઘર તિરંગા' પોર્ટલ પર અપલોડ કરવા અનુરોધ કરાયો હતો.

# જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને નાર્કો કો-ઓર્ડિનેશન સેન્ટરની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડિનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. કલેક્ટરએ વિવિધ વિભાગ દ્વારા ડ્રગ્સ વિરોધી કરેલી કામગીરીની સમીક્ષા હાથ ધરી આવનારા દિવસોમાં ડ્રગ્સ, નશીલી દવાઓ તેમજ શાળાની આસપાસ તમાકુનું વેચાણ કરતાં વેપારીઓ પર કડક હાથે કામગીરી કરવા સુચના આપી હતી.

આ તકે કલેક્ટરએ શાળા-કોલેજ નજીક તમાકુ, સિગરેટ કે ડ્રગ્સનું વેચાણ ન થાય તેના માટે સઘન કામગીરી કરવા જણાવ્યું હતું. વધુમાં ભારત સરકાર દ્વારા ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા કેમ્પેઈન અંતર્ગત અસરકારક અમલવારી કરી શકાય તે માટે જિલ્લામાં આવેલી સ્કુલ, કોલેજ, જી.આઈ.ડી.સી વિસ્તાર, લોકોની અવરજવર હોય તેવા જાહેર સ્થળોએ ડ્રગ્સ અવેરનેસ માટેના કાર્યક્રમ યોજવા કહ્યું હતું. જિલ્લાના મેડીકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વિના વેચાતા નશીલા સીરપના વેચાણ પર સઘન નિરીક્ષણ રાખીને પરિણામલક્ષી કામગીરી કરવા તેમણે સુચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક હિમકર સિંહ, નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ, આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, સર્વે પ્રાંત અધિકારી સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય કક્ષાએ મેડલ વિજેતાઓને શિષ્યવૃત્તિ અને ભાગ લેનાર ખેલાડીઓને વૃતિકા મેળવવા અરજી કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત અને એસ.જી.એફ.આઇ.ના દ્વારા યોજાતી રમતો તથા રાષ્ટ્રીય કક્ષાની રમતોમાં વર્ષ ૨૦૨૪-૨૫ના મેડલ વિજેતા ખેલાડીઓને શિષ્યવૃત્તિ અન્વયે રૂ.૨૫૦૦/- અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને વૃતિકા તરીકે રૂ.૨૦૦૦/- આપવામાં આવે છે. જેના માટે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની વેબસાઇટ www.sportsauthority.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ અંગેની વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારીની કચેરીનો સંપર્ક કરવા રાજકોટ જિલ્લા રમતગમત અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# મુસાફરો નહીં મળતા રાજકોટ-ભુજ સ્પે.ટ્રેન રદ્દ

રાજકોટ-ભુજ વચ્ચે રેલવે તંત્રએ સ્પે. ટ્રેન દોડાવવા બે વખત પ્રયાસ કર્યો છે. છતાં પુરતો ટ્રાફિક નહીં મળતા ફરી આ ટ્રેનને રદ કરવામાં આવી છે. વેપાર-વાણીજય અને મુસાફરોની રજૂઆતોને ધ્યાને લઈ રેલવે તંત્રએ રાજકોટ-ભુજ વચ્ચે ત્રિ-સાપ્તાહિક સ્પે. ટ્રેન જુલાઈથી સપ્ટેમ્બર સુધી દોડાવવા નિર્ણય લીધો હતો. જેમાં મુસાફરોનો ટ્રાફિક નહીં મળતા આ ટ્રેનને ફરી કેન્સલ કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધામાં ધ્યાનમાં રાખીને ગત જુલાઈમાં તા.૨૯થી તા.૨૭મી સપ્ટેમ્બર સુધી ત્રિ-સાપ્તાહિક સ્પે. ટ્રેન કુલ ૫૪ ફેરા મંજુર કરી ટ્રેનને દોડતી કરી હતી. આ ટ્રેન દર મંગળવાર, ગુરૂ અને શનિવારે રાજકોટથી દોડતી કરી હતી. આ ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર સ્લીપર જનરલ કોચની સુવિધા હોવા છતા આ ટ્રેનમાં ટ્રાફિક નહીં મળતા આખરે આ ટ્રેનને રદ કરવાનો નિર્ણય લેવાયો છે. રેલવે તંત્રએ રાજકોટ-ભુજ ત્રિસાપ્તાહિક સ્પે. ટ્રેનને તા.૭મી ઓગષ્ટથી તા.૨૭મી સપ્ટેમ્બર સુધી રદ કરી હોવાની સતાવાર જાહેરાત કરી છે.

# શ્રાવણના તહેવારોને અનુલક્ષીને રાજકોટ જિલ્લામાં હથિયારબંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી દિવસોમાં સ્વાતંત્ર્ય દિન, પતેતી, રક્ષાબંધન, નાગપંચમી, જન્માષ્ટમી જેવા તહેવારોની ઉજવણી થનાર છે. આ તહેવારો નિમિત્તે વિવિધ શોભાયાત્રા પણ નીકળતી હોય છે. ઉપરાંત રાજકોટ જિલ્લામાં વિવિધ રાજકીય પક્ષો-સંગઠનો દ્વારા આંદોલનો, રેલી-ધરણા જેવા કાર્યક્રમો અપાતા હોય છે, ત્યારે રાજકોટ ગ્રામ્ય-જિલ્લાના વિસ્તારમાં કાયદો-વ્યવસ્થા, જાહેર સુલેહ-શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એ.કે.ગૌતમે તા. ૩૧ ઓગસ્ટ સુધી રાજકોટ ગ્રામ્ય-જિલ્લામાં હથિયારબંધી ફરમાવી છે.

જે મુજબ હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી અથવા લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવા કોઈ પણ સાધન લઈને ફરવું નહીં. કોઈ પણ સ્ફોટક દારૂગોળા વિગેરે પદાર્થો લઈ જવા, પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા શસ્ત્રો ફેંકવા કે નાખવાના યંત્રો સાથે લઈ જવા, સરઘસમાં પેટાવેલી મશાલો લઈ જવા, મનુષ્ય, તેના શબ, આકૃતિઓ અથવા પુતળા દેખાડવા કે બાળવા, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે.

જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા અન્ય પદાર્થ દેખાડવાથી કે ફેલાવો કરવાથી સુરૂચિનો કે નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની, તેનો ફેલાવો કરવાની મનાઈ છે.

આ હુકમો સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઇ પણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય, વૃદ્ધો અથવા અશક્તો કે જેને લાકડીના ટેકે ચાલવાનું હોય, સક્ષમ સત્તાધિકારી તરફથી જેણે પરવાનગી મેળવેલી હોય તેવી વ્યક્તિઓને આ આદેશ લાગુ પડશે નહીં. આ હુકમ રાજકોટ પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાય સમગ્ર રાજકોટ ગ્રામ્ય તથા જિલ્લામાં લાગુ પડશે. આ આદેશોનો ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

# એન.આર.એલ.એમ. યોજના અંતર્ગત કણકોટ ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ખાતે કેન્ટીન શરૂ કરાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, રાજકોટ ખાતે ભવ્ય મિશન મંગલમ જૂથ, કણકોટ દ્વારા કેન્ટીન શરૂ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અનેક પગલાઓ ભર્યા છે. જે અન્વયે રાજ્યમાં કાર્યરત કરાયેલ એન. આર. એલ. એમ. (રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન)નો ઉદ્દેશ્ય સ્વ-રોજગારને પ્રોત્સાહન આપવાનો અને ગ્રામીણ ગરીબોને સ્વ-સહાય જૂથોમાં સંગઠિત કરવાનો અને તેમને સ્વ-રોજગાર માટે સક્ષમ બનાવવાનો છે. કણકોટ ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ખાતે શરૂ કરાયેલી કેન્ટીન એન. આર. એલ. એમ. યોજનાના ઉદ્દેશ્યો અનુસાર ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને સ્વરોજગારના અવસરો સર્જવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ભવ્ય મિશન મંગલમ જૂથ-કણકોટના સભ્યો દ્વારા શરૂ કરાયેલી કેન્ટીન મારફતે પોતાની આજીવિકા સુધારવા અને આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધશે.

આ પહેલ ગ્રામીણ વિકાસ અને મહિલા સશક્તિકરણના ક્ષેત્રે સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.''મંગલમ કેન્ટીન''ની બ્રાન્ડ રાજ્ય કક્ષાએથી નક્કી કરવામાં આવેલ છે, જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ ૧૧ કેન્ટીન કાર્યરત છે.

આજ રીતે ગવર્મેન્ટ પોલિટેકિન્ક કોલેજ, રાજકોટ ખાતે નારી શક્તિ સખી મંડળ, ગવરીદળ દ્વારા સંચાલિત ''મંગલમ કેન્ટીન''નું રી-લોન્ચિંગ કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એ. કે. વસ્તાણી, આસિસ્ટન્ટ કલેક્ટર વૃશાલી કાંબલે, ગવર્નમેન્ટ એન્જીનરીંગ કોલેજ-રાજકોટના આચાર્ય કે. જી. મારડીયા, ગવર્મેન્ટ પોલિટેકિન્ક કોલેજ રાજકોટના આચાર્ય ડૉ અસિત પંડયા, રાજકોટ જિલ્લા લાઇવલીહુડ મેનેજર વી. બી. બસીયા સહિત બંને કોલેજના કર્મચારીઓ, તાલુકા પંચાયતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લામાં કરાર આધારિત કાયદા સલાહકારની નિયુક્તિ માટે અરજીઓ મંગાવાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ડિસ્ટ્રીક્ટ કોર્ટ, હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટ તેમજ રાજય બહારની અન્ય કોર્ટમાં ટ્રાન્સફર થયેલ કે થનાર કલેકટર કચેરીના કોર્ટ કેસને લગતી કામગીરી તથા કોર્ટમાં ચાલતા કેસો સંદર્ભે સંબંધિત એડવોકેટશ્રી સાથે સંકલન, પારાવાઈઝ રીમાર્કસ અને એફીડેવીટ તૈયાર કરવા તેમજ મુદતે કોર્ટમાં હાજર રહી સરકારી વકીલને બ્રિફીંગ કરવા, સરકારએ દાખલ કરેલા કે સરકાર સામે દાખલ થયેલ કેસોમાં સરકાર તરફે સબળ રજુઆત માટે સરકારી વકીલશ્રીને જરૂરી વિગતો પૂરી પાડી સરકાર તરફે બચાવની કામગીરી કરવા માટે માસીક રૂ. ૬૦,૦૦૦થી એડહોક ધોરણે રાજકોટ જિલ્લામાં ૧૧ માસની મુદત માટે કાયદા સલાહકારની નિયુક્તિ કરવામાં આવશે.

જે અન્વયે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી ફોર્મ આ કચેરીમાં મોડામાં મોડા તા. ૨૮ ઓગસ્ટ સુધીમાં કચેરી સમય દરમિયાન રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. મારફત / કચેરીની રજીસ્ટ્રી શાખામાં રૂબરૂમાં મળી જાય, તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે. અધુરી વિગતોવાળી અરજી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. અરજી પત્રકનો નમુનો તથા સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓની માહિતી કચેરીની મેજીસ્ટેરીયલ શાખામાંથી કચેરીના કામકાજના સમય અને દિવસો દરમિયાન મળી શકશે.

(૧) ઉમેદવારની ઉંમર ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(૨) ડિગ્રી ઈન લો (સ્પેશ્યલ) અથવા એચ.એસ.સી. પછી લો વીથ ફાઈવ યર કાયદાનો કોર્ષ કરેલ હોવાનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

(૩) ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસીફિકેશન એન્ડ રિક્રુટમેન્ટ (જનરલ) રૂલ્સ ૧૯૬૭ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

(૪) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૫) હાઈકોર્ટની સબોર્ડીનેટ કોર્ટ, હાઈકોર્ટ કે કાયદા હેઠળ સ્થાપિત સ્થાનિક સંસ્થા, ગવર્નમેન્ટ અંડરટેકીંગ બોર્ડ, કોર્પોરેશન કે લીમીટેડ કંપનીમાં એડવોકેટ કે એટર્ની તરીકે કામગીરીનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોય તે અંગેનું હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલનું, સંબંધીત કોર્ટના પ્રિન્સીપાલ જયુડીશ્યલ ઓફીસરનું, પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજનું કે સીટી સીવીલ કોર્ટના પ્રિન્સીપાલ જજનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

(૬) ગુજરાતી ભાષા બોલી, વાંચી અને લખી શકતા હોવા જોઈએ તથા ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષાંતર કરી શકવા સક્ષમ હોવા જોઈએ અને તે અંગેનું હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલ, સંબંધીત કોર્ટના પ્રિન્સીપાલ જયુડીશ્યલ ઓફીસરશ્રી, પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજશ્રી, સીટી સીવીલ કોર્ટના પ્રિન્સીપાલ જજશ્રીનું પ્રમાણપત્ર તેમજ કોઈ કાયદા હેઠળ સ્થપાયેલ સ્થાનિક સંસ્થા ગવર્નમેન્ટ અન્ડરટેકીંગ બોર્ડ કોર્પોરેશન કે લીમીટેડ કંપનીના કેસમાં હેડ ઓફ ઓફીસનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

(૭) કોઈ ગુન્હાહીત કૃત્યમાં સંડોવાયેલા નહી હોવા અંગેનુ ડેકલેરેશન રજુ કરવાનું રહેશે.

અરજી સાથે શૈક્ષણિક લાયકાત, ઉંમર, અનુભવના પ્રમાણપત્ર, જાતિ અંગેના પ્રમાણપત્ર વગેરે પ્રમાણપત્રો પ્રમાણિત કરીને જોડવાના રહેશે, તેમ જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરીની યાદીમાં જણાવાયું છે.

# કોટડાસાંગાણી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે ૧૦ ઓગસ્ટ સુધીમાં અરજી કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યના નાગરીકોના શહેર કે તાલુકા કક્ષાના પ્રશ્નોના અસરકારક અને ન્યાયીક ઉકેલ તાલુકા કક્ષાએ જ આવે, તે માટે સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જે અંતર્ગત કોટડાસાંગાણી તાલુકાના પ્રશ્નો માટે આગામી તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સવારે ૧૧ કલાકે તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ રાજકોટ કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાશે. સંબંધકર્તાએ કોટડાસાંગાણી તાલુકા કક્ષાના પ્રશ્નોની અરજી ૨ નકલમાં પૂરતા પુરાવા સાથે મામલતદાર કચેરી, કોટડાસાંગાણી ખાતે તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૫ સુધીમાં રજૂ કરવાની રહેશે, ત્યારબાદ આવેલી અરજીઓનો આ કાર્યક્રમમાં સમાવેશ કરાશે નહીં.

અરજી કરતી વખતે ધ્યાને લેવાની બાબતો

(૧) તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરતા પહેલા કોઈપણ અરજદારે ગ્રામ્ય કક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત, તલાટી કમ મંત્રી, ગ્રામ સેવકને અરજી કરી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોવી જોઈએ.

(૨) તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં રજૂઆત કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોવી જોઈએ.

(૩) ગ્રામ અને તાલુકા કક્ષા એ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નો હોવા જોઈએ, તે સિવાયના પ્રશ્નો હોય તો જે તે સક્ષમ કચેરીને રજૂઆત કરવાની રહેશે.

(૪) અરજદાર પોતે રૂબરૂ પોતાના પ્રશ્નના જ આધાર-પુરાવા સાથે રજુઆત કરી શકશે અને એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે. સામુહિક રજૂઆતો કરી શકાશે નહીં.

આ કાર્યક્રમમાં ઉપરોક્ત કેટેગરીની અરજીઓ સ્વીકારાશે, તે સિવાયની અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં, તેમ કોટડાસાંગાણી તાલુકા મામલતદારની યાદીમાં જણાવાયું છે.

## ગુમશુદાની ભાળ આપવા અંગે

રાજકોટના રૈયા ધાર, શાંતિનગર શેરી નં.૦૨ મિલેનીયમ હાઈટ્સ, એ વિંગ ફ્લેટ નં.૭૦૩ રામાપીર ચોકડી વિસ્તારના રહેવાસી ૩૫ વર્ષીય રવિભાઈ અશ્વિનભાઈ સેતા તા.૦૨/૦૮/૨૦૨૫ના રોજ ૧૦.૦૦ વાગ્યાની આસપાસ કિશાનપરા ચોક રાજેશ ચીકી દુકાનની નજીકથી ગુમ થયા છે. તપાસ કરતા હજુ સુધી ગુમશુદા અંગે માહિતી મળી નથી. ગુમ થનારાનો પત્તો મળે તો રાજકોટ શહેરના એ ડિવીઝન પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૮૧૨૨૬૬૫૯, ૬૩૫૯૬૨૭૪૩૬ અથવા ૦૨૮૧૨૪૫૭૭૭૭ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# આજે વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટેકનિકલ કારણોસર, ૬ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ડેમુ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

(૧) ટ્રેન નંબર ૭૯૪૫૨ મોરબી-વાંકાનેર, (૨) ટ્રેન નંબર ૭૯૪૪૨ મોરબી-વાંકાનેર, (૩) ટ્રેન નંબર ૭૯૪૫૪ મોરબી-વાંકાનેર, (૪) ટ્રેન નંબર ૭૯૪૪૪ મોરબી-વાંકાનેર, (૫) ટ્રેન નંબર ૭૯૪૪૬ મોરબી-વાંકાનેર, (૬) ટ્રેન નંબર ૭૯૪૪૮ મોરબી-વાંકાનેર, (૭) ટ્રેન નંબર ૭૯૪૪૧ વાંકાનેર-મોરબી, (૮) ટ્રેન નંબર ૭૯૪૪૩ વાંકાનેર-મોરબી, (૯) ટ્રેન નંબર ૭૯૪૫૩ વાંકાનેર-મોરબી, (૧૦) ટ્રેન નંબર ૭૯૪૪૫ વાંકાનેર-મોરબી, (૧૧) ટ્રેન નંબર ૭૯૪૪૭ વાંકાનેર-મોરબી, (૧૨) ટ્રેન નંબર ૭૯૪૫૧ વાંકાનેર-મોરબી

રેલ યાત્રીઓને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# શહેરના વોર્ડ નં.૯ના પ્રશ્નોને લઇ 'આપ'એ મનપા કમિશનરને આપ્યું આવેદન




રાજકોટના વિસ્તાર રાજકોટ મહાનગર પાલીકાના વિસ્તારના વોર્ડ નં. ૯ ના માધવ વાટીકા સોસાયટીના લોકોની અનેક રજુઆતો બાબતે અવર નવર લેખિત તથા મૌખીક રીતે કરેલ છતા પણ આજ દિવસ સુધી કોઈ સમસ્યાનો ઉકેલ થયેલ નથી. જે બાબતે આપ અંગત રસ દાખવી તાત્કાલીક ધોરણે ત્યાના વિસ્તારમાં વસતા લોકોની નીચેની સમસ્યાઓનું નિરાકરણ કાઢવા આજે રાજકોટ આમ આદમી પાર્ટીએ મનપા કમિશનરને આવેદન પત્ર આપ્યું હતું. આવેદન પત્રમાં જણાવ્યું હતું કે, આ વોર્ડ નંબર - ૯ ના લોકો વર્ષોથી વેરો ભરે છે પરંતુ સુવિધાના નામે શૂન્ય છે, ઠેર ઠેર ગંદકીનું સામ્રાજય, બિસ્માર હાલતમાં રોડ રસ્તા, બાળકો માટે આંગણવાડીની સુવિધા ઉપલબ્ધ નથી, વર્ષોથી કોર્પોરેશનના વિસ્તારમાં આવેલો હોય તો જો તમે સુવિધા આપી શકતા ન હોય તો કોર્પોરેશનને વેરો લેવાનો કોઈ અધિકાર નથી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આણંદપર બાઘી ગામે પત્નીની ક્રુર હત્યા કરતો પતિ



**ગૃહકલેશને કારણે ઝઘડો થયા બાદ નશાખોર પતિ ક્રુર બની ગયોઃ મુળ રાજસ્થાનના પતિ-પત્નિ કુવાડવા તાબેના આણંદપર બાઘીમાં ભરતભાઇ વાઢેરની વાડીએ રહી મજૂરી કરતાં હતાંઃ હત્યા બાદ પતિ રામચરણ શેહરીયા મૃતદેહ પાસે જ બેસી રહ્યોઃ કુવાડવા પોલીસે સકંજામાં લીધો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા તાબેના આણંદપર બાઘી ગામે વાડીમાં રહી મજૂરી કરતાં રાજસ્થાનના મજૂરે રાતે પત્નિ સાથે બોલાચાલી થયા બાદ તેણીને કુહાડાના ઘા ઝીંકી ક્રુરતાથી પતાવી દીધી હતી. હત્યા બાદ પતિ પત્નિની લાશ પાસે જ બેસી રહ્યો હતો. અન્ય મજૂર મારફત જાણ થતાં વાડી માલિક પહોંચ્યા હતાં અને કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં પોલીસે વાડી માલિકની ફરિયાદ નોંધી હત્યારા પતિને સકંજામાં લેવા તજવીજ કરી હતી.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ આણંદપર બાઘી ગામે આવેલી ભરતભાઇ રણજીતભાઇ વાઢેરની વાડીમાં મજૂરે તેની પત્નિની હત્યા કરી નાંખ્યાની જાણ થતાં કુવાડવા પોલીસે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસે વાડી માલિક આણંદપરમાં રહેતાં ભરતભાઇ રણજીતભાઇ વાઢેર (ઉ.વ.૪૩)ની ફરિયાદ પરથી તેના મજૂર રામચરણ કૈલાસભાઇ શેહરીયા (રહે. બીચી તા. શાહબાદ, જી. બારાન, રાજસ્થાન) વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૦૩ (૧), જીપીએક્ટ ૧૩૫ (૧) મુજબ હત્યાનો ગુનો નોંધી તેને સકંજામાં લીધો હતો.

રણજીતભાઇ વાઢેરે વિગતો આપતાં જણાવ્યું હતુ કે મારે આણંદપર બાઘીમાં ખેતર છે. જેમાં મેં ખેત મજૂરી માટે દોઢેક મહિના પહેલા રાજસ્થાનના રામચરણ શેહરીયા અને તેની પત્નિ કમલેશભાઇ ઉર્ફ કમલીબાઇને રાખ્યા હતાં. આ ઉપરાંત મધ્યપ્રદેશનો બહાદુરસિંહ અને તેની પત્નિ પ્રેમબાઇ પણ અહિ ખેત મજૂરી કરે છે. મંગળવારે રાતે સાડા દસેક વાગ્યે મને મજૂર બહાદુરસિંહે મને જાણ કરી હતી કે આપણા ખેતમાં રામચરણ અને તેની પત્નિ કમલેશભાઇ ઉર્ફ કમલીબાઇ ઝઘડો કરે છે. આથી હું તરત વાડીએ પહોંચ્યો હતો. પણ ત્યાં મકાને તપાસ કરતાં કોઇ જોવા મળ્યું નહોતું.

બાદમાં વધુ તપાસ કરતાં વાડી પાસેના રસ્તા પર કમલેશબાઇ અને રામચરણ જોવા મળ્યા હતાં. ત્યાં જઇ તપાસ કરતાં કમલેશબાઇ ઉર્ફ કમલીબાઇ લોહીલુહાણ જોવા મળી હતી. તે કંઇ બોલતી નહોતી, તેનો પતિ રામચરણ પણ બાજુમાં જ હતો. આ પછી ૧૦૮ને જાણ કરતાં તેના ડોક્ટરે કમલીબાઇને મૃત જાહેર કરતાં મેં પોલીસને જાણ કરી હતી. કોઇ કારણોસર પતિ-પત્નિ વચ્ચે ગૃહકલેશ, ઝઘડો થતાં પતિએ કુહાડા કે પછી બીજા કોઇ હથીયારથી હુમલો કરી તેની પત્નિને મોઢા, કમર નીચે, પગમાં આડેધડ ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી.

કુવાડવા પીઆઇ બી. પી. રજયા, અજીતભાઇ લોખીલ સહિતના સ્ટાફે હત્યાનો ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો હતો. હત્યાનો ભોગ બનનારને સંતાનમાં એક દિકરો છે જે તેના વતનમાં રહે છે. આરોપી રામચરણને દારૂ પીવાની ટેવ હતી. કદાચ રાતે દારૂ પીધા બાદ ઝઘડો થયા પછી તેણે પત્નિની હત્યા કરી નાંખ્યાની શક્યતા પોલીસ ચકાસી રહી છે. આ બનાવથી અરેરાટી વ્યાપી ગઇ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો.

ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેર ગ્રામ્ય પંથકમાં ચાર દિવસમાં પાંચ હત્યા થઇ છે. મેટોડામાં પત્નિની છેડતીનો આરોપ મુકી બે શખ્સે યુવાનની હત્યા કરી હતી. માયાણીનગર ખીજડાવાળા રોડ પર ગાળો બોલવા મામલે મજૂરની હત્યા થઇ હતી, કોઠારીયા સોલવન્ટમાં ધર્મની બહેનના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાનને પતાવી દેવાયો હતો, એ પછી થોરાળા વિસ્તારના મીરા ઉદ્યોગ સંસ્કાર ઇન્ડસ્ટ્રીઅલ એરીયામાં ઓરીસ્સાના મજૂરની હત્યા થઇ હતી. હવે કુવાડવા તાબેના આણંદપર બાઘીમાં પતિના હાથે પત્નિની હત્યા થઇ છે.

# મનપાના પ્યુને ગાળો બોલવાની ના પાડતા પાડોશી શખ્સનો ઘર પર પથ્થરમારો

### ઘર પર નુકશાન પહોંચાડી ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેસરી હિંદ પૂલ પાસે પારેવડી ચોક પાસે મહાત્મા ગાંધી પ્લોટ શેરી નં ૦૪માં રહેતા સુધાબહેન વા/ઓ ગાગજીભાઈ મકવાણા(ઉ.વ-૫૯)તેમના ઘરે કપડાં ધોતા હતા ત્યારે ત્યાં નજીકમાં રહેતા વિજયભાઈ રાઠોડ અન્ય સાથે ગાળો બોલી ઝઘડો કરતા હોય તેમને ગાળો બોલવાની ના પાડતા વિજયભાઈએ ઘર પર પથ્થરનો ઘા કરી ધમકી આપી હતી.આ મામલે તેઓએ ફરિયાદ નોંધાવી હતી.

સુધાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મહાનગરપાલિકામાં પ્યુન તરીકે નોકરી કરી મારુ ગુજરાન ચલાવુ છુ.ગઈ તા.૦૩/૦૮ના સવારના હુ મારા ઘરની બહાર કપડા ધોઈ રહી હતી ત્યારે આ કામના સામાવાળા અમારા પાડોશમા રહેતા વિજયભાઈ રાઠોડ બીજા કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે બોલાચાલી કરતા હોઈ તેમજ ગાળો અને ભુંડૂ બોલતા હોઈ તેથી મે આ વિજયભાઈને આવુ ભુંડૂ બોલવાની ના પાડતા તેઓ મારી સાથે પણ જેમ ફાવે એમ બોલવા લાગેલ અને ત્યાંથી જતા રહ્યા હતા.ત્યારબાદ થોડા જ સમય પછી ફરીથી આ વિજયભાઈ આવી અને ઝગડો કરવા લાગેલ અને થોડે દૂર જઈ મારા ઘર પર પથ્થરના ઘા કરેલા અને માર મારવાની ધમકી આપી હતી.આ મામલે બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# ધ્રાંગધ્રામાં સામાન્ય બાબતે પરિવાર પર ખૂની હુમલામાં યુવકની હત્યા

### પત્નિ-પુત્રીને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડાયા



**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

ધ્રાંગધ્રામાં નજીવી બાબતે તિક્ષણ હથિયાર વડે યુવકની હત્યા, પત્નિ અને પુત્રી ઈજાગ્રસ્ત સુરેન્દ્રનગર જિલ્લાને તેના તાલુકામાં દિન પ્રતિદિન કાયદો વ્યવસ્થા ધજાગરા બોલાવી રહી છે અને ધ્રાંગધ્રા માં સામાન્ય બાબતે ખાસ રાખી અને યુવાનની હત્યા કરવામાં આવી છે.

જ્યારે તેના પત્ની પણ ઘાયલી હોવાનું સામે આવ્યું છે ત્યારે પોલીસે પણ તાત્કાલિક અસર હે લોકેશન મેળવી અને આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં કાઈમ રેટ દિન પ્રતિદિન વધતો જઈ રહ્યો હોવાનું લોકોમાં ચર્ચા રહ્યું છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રામાં યુવકની હત્યા થઈ હોવાની ઘટના સામે એવી છે. સામાન્ય બોલાચાલીની અદાવતમાં હુમલો કર્યો હતો.

આ ઘટનામાં પતિ-પત્નિ અને પુત્રી પર હુમલો કર્યો હોવાનો બનાવ બન્યો છે. હુમલામાં ઈજાગ્રસ્ત પતિ કલ્પેશ પારેખનું મોત થયું છે. જ્યારે પત્ની-પુત્રીને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. અગાઉની બોલાચાલીનું મન દુઃખ રાખી હત્યા કરવામાં એવી છે. પોલીસે બે આરોપીઓની અટકાયત કરી છે.ધ્રાંગધ્રામાં યુવકની નજીવી બાબતે હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે.

બે લોકોએ પરિવાર સાથે અગાઉનું મન દુઃખ અને સામન્ય બોલાચાલીમાં ત્રણ લોકો પર હુમલો કર્યો હતો. આ ઘટનામાં બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. જ્યારે એકનું મોત થયું છે. આ મામલે ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. યુવકને વધારે વાગી જતા તેમનું ઘટના સ્થળે મોત થયું છે.

પોલીસે આ મામલે હત્યાનો ગુનો સૌથી વધુ તપાસ હાથ ધરી છે.ધ્રાગધ્રામાં સામાન્ય બોલાચાલીમા એકની હત્યા બે મહિલાઓ ઈજાગ્રસ્ત થઈ છે. યુવકની અંગત અદાવતમાં તિક્ષણ હથિયાર વડે હત્યા કરવામાં આવી છે. યુવક સાથે તેની પત્ની અને પુત્રી પર હુમલો કરવામાં આવ્યો હતો.પત્ની અને પુત્રીને સારવાર અર્થે સુરેન્દ્રનગર ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં કલ્પેશભાઈ રમણીક લાલ પારેખ ઉ.વ. ૪૨ (મૃતક), નિશાબેન પારેખ અને ક્રિષ્નાબેન પારેખ બંને ઈજાગ્રસ્ત થયા છે.

# રેલનગરમાં વેપારી પર તલવાર વડે હુમલો કરવાના ગુન્હામાં આરોપીના ચાર્જશીટ પહેલા જામીન મંજુર કરતી રાજકોટ નામ.સેશન્સ કોર્ટ



વકિલ રૂપરાજસિંહ પરમાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ કેસની ટુંકી વિગત એવી કે, તારીખ૧૧/૦૭/૨૦૨૫ના રોજ ફરીયાદી જેસીંગભાઈ હમીરભાઈ હુંબલે આરોપી જયપાલસિંહ મહિપાલસિંહ જાડેજા વિરૂદ્ધ પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ નોંધાવેલ કે, ફરીયાદી તારીખ૧૦/૦૭/૨૦૨૫ના સાંજના સવા સાત વાગ્યાની આસપાસ ફરીયાદી તેમની દુકાને બેઠા હતા ત્યારે આરોપીના પત્ની તથા આરોપીનો પુત્ર ફરીયાદીની દુકાને ગયેલ અને આરોપીના પુત્રએ દુકાનમાં રહેલ વેફરનું પેકેટ લઈ લીધેલ અને ફરીયાદીએ વેફરના પૈસા માંગતા આરોપીના પત્નીએ પૈસા પછી આપી દેશે તેવું જણાવેલ જેથી ફરીયાદીએ આરોપીના પત્નીને કહેલ કે, બહેન તમારે અગાઉના પૈસા પણ બાકી છે અને તમારે આ દરરોજનું થયુ તેમ કહેતા આરોપીના પત્ની ત્યાથી ચાલ્યા ગયા અને બીજે દિવસે સવારના સાડા આઠ વાગ્યાની આસપાસ આરોપી જયપાલસિંહ જાડેજા ફરીયાદીની દુકાને જઇ ગાળા ગાળી કરી ઝઘડો કરવા લાગેલ બાદમાં થોડીવાર પછી આરોપી તલવાર સાથે ફરીયાદીની દુકાને ગયેલ અને કહેવા લાગેલ કે, આજે તો તને જાનથી મારી નાખવો છે તેમ કહી પોતાની પાસે રહેલ તલવાર થી ફરીયાદીને માથામાં ઘા મારવા જતાં ફરીયાદીએ હાથ આડો રાખી દેતા તેને હાથના ડાબા કાંડામાં ફ્રેકચર થયેલ તેમજ કુલ તલવારના પાંચ થી છ ઘા ફરીયાદીને મારેલ જેથી ફરીયાદના આધારે આરોપી વિરૂદ્ધ પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયેલ હોય જેથી આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવેલ જેલ હવાલે થયા બાદ આરોપીએ પોતાના વકીલ મારફત જામીન અરજી કરેલ હતી. સદરહું જામીન અરજી સાંભળવા પર આવતા ફરીયાદપક્ષ દ્વારા જામીન અરજીનો વિરોધ કરતાં એવી રજુઆત કરેલ કે હાલના આરોપી વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલ છે તેમજ પોલીસપુત્ર છેકાયદાના જાણકાર છે તેમજ ફરીયાદીને તલવાર લઈને માથામાં મારવાથી જીવ જઈ શકે તેવું જાણતા હોવા છતા ઈરાદાપુર્વક કાયદાના કોઈ ભય વગર સરાજાહેર તલવાર ધારણ કરી મહાવ્યથા કરેલ છે જેમાં ફરીયાદીના હાથની નસો પણ કપાય ગયેલ છે અને સમગ્ર બનાવ સી.સી.ટી.વી. ફૂટેજમાં પણ આવેલ છે તેવી ફરિયાદપક્ષ દ્વારા જામીન અરજી રદ કરવા રજુઆત કરેલ. આરોપી તરફેની દલીલો તેમજ આરોપી તરફે રજુ ઉચ્ચ ન્યાયાલયો ના ચુકાદાઓ તેમજ કેસના સંજોગોને ધ્યાને લઈ અદાલતે આરોપી જયપાલસિંહ મહીપાલસિંહ જાડેજાને રેગ્યુલર જામીન પર મુક્ત કરેલ છે.

આ કામમાં આરોપી જયપાલસિંહ મહિપાલસિંહ જાડેજા વતી રાજકોટના વકિલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

# RMCના આમંત્રણ કાર્ડમાં રાજયસભાના સાંસદનું નામ ગુમ થતા આશ્ચર્ય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાનો નાનો એવો કાર્યક્રમ હોય તો પણ રાજ્યસભાના સાંસદ તરીકે આમંત્રણ પત્રિકામાં અન્ય પદાધિકારીઓ સાથે રામભાઈ મોકરિયાનું નામ લખાતું હોય છે. તેનો પુરાવો જુલાઈ મહિનામાં અલગ અલગ ત્રણ કાર્યક્રમની આમંત્રણ પત્રિકા છે જેમાં રામભાઈ મોકરિયાનું અને લોકસભા સાંસદ પુરુષોત્તમ રૂપાલાનું પણ નામ છે. પરંતુ, ૧ ઓગસ્ટે રાજકોટ મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૧૩ અને ૧૪માં યોજાયેલા નંદઘરના લોકાર્પણ કાર્યક્રમમાંની આમંત્રણ પત્રિકામાંથી રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાના નામની બાદબાકી કરી દેવાતા તર્કવિતર્ક સર્જાયા છે.



૧ ઓગસ્ટે યોજાયેલા કાર્યક્રમની આમંત્રણ પત્રિકામાંથી રામભાઈના નામની બાદબાકીનો વિવાદ ૫ ઓગસ્ટે શરૂ થયો છે. ત્યારે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ જણાવ્યું હતું કે, રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાને આમંત્રણ ન આપવું તે પ્રકારની કોઈ જ સૂચના આપવામાં આવી નથી. કોઈ પ્રકારની મિસ અન્ડરસ્ટેન્ડિંગ થઈ છે. રાજકોટ મહાનગરપાલિકાના ૧ ઓગસ્ટના બે કાર્યક્રમમાં હતા. જે અડધી કલાકના અંતરે હતા. તે વખતે લગભગ સંસદ જે સત્ર ચાલુ હતું અને આ કાર્યક્રમ પણ ભાજપ સંગઠનના નહીં પરંતુ રાજકોટ મહાનગરપાલિકાના હતા. કાર્યક્રમમાં હું પણ ગયો હતો. પરંતુ વિગતવાર ઈન્વિટેશન કાર્ડ વાંચ્યું ન હતું. જોકે આ બાબતે મેયર નયનાબેન પેઢડીયા સાથે વાત કરી લઉં છું.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાની તમામ કાર્યક્રમમાંથી બાદબાકી કરવામાં આવી હોવાના આમંત્રણ પત્રિકા સ્વરૂપના પુરાવાઓ અંગે મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, રામભાઈ અમારા વડીલ છે જેથી તેમની બાદબાકી કોઈ દિવસ ન હોઈ શકે. જે દિવસે રાજકોટ મહાનગરપાલિકાનો કાર્યક્રમ હતો તે દિવસે રામભાઈનું દિલ્હીમાં સંસદ સત્ર ચાલુ હતું. પ્રદેશમાંથી પણ એવી કોઈ પણ પ્રકારની સૂચના મળી નથી કે રામભાઈને આમંત્રણ ન આપવું. રામભાઈ આખા બોલા અને સાચા બોલા છે જેથી અમે કોઈ તેમનું માઠુ લગાડતા નથી.

# શહેરમાં હૃદયરોગનો હુમલો વધુ બે માનવ જીંદગી ભરખી ગયો

### બાંધકામ સાઈટ પર ચાની ચુસ્કી મારતા પ્રૌઢ સહિત બેના હાર્ટ બેસી જતા પરિવારમાં શોક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા વધુ બે લોકોને હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડયો હતો ગંજીવાડાનાં પ્રૌઢ કોઠારીયા રોડ પર કડીયા કામની સાઈટ પર હતા ત્યારે ચા ની ચુસ્કી મારતી વેળાએ જ હાર્ટ એટેક આવતા મોત નીપજયુ હતુ જયારે જસદણનાં પ્રૌઢને પણ હૃદય રોગનાં હુમલાથી મોત થયુ છે. જાણવા મળતી વિગત મુજબ ગંજીવાડા શેરી નં ૪૧ મા રહેતા છગનભાઈ મનાભાઈ વજકાણી (ઉ.વ.૪૩) નામનાં પ્રૌઢ આજે સવારે કોઠારીયા રોડ પર ખોડલ રેસીડન્સીમા કડીયા કામ કરવા ગયા હતા ત્યારે ચા પીતી વેળાએ અચાનક બેભાન થઈ ઢળી પડતા તેમને સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં ખસેડવામા આવ્યા હતા જયા ફરજ પરનાં તબીબે જોઈ તપાસી તેમને મરણ ગયાનુ જાહેર કર્યુ હતુ પ્રાથમીક તપાસમા મૃતક બે ભાઈ ત્રણ બહેનમા વચેટ અને તેમને સંતાનમા એક પુત્ર અને ત્રણ પુત્રી છે હાર્ટ એટેકથી મોત થયાનુ જાણવા મળ્યુ છે.

બીજા બનાવમાં જસદણમા નવા બસ સ્ટેન્ડ પાસે કૈલાશનગરમા રહેતા મુકેશભાઈ હરજીભાઈ મુળીયા (ઉ.વ. ૫૨) નામનાં પ્રૌઢને હૃદયની બીમારી સબબ સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા જયા હાર્ટ એટેક આવતા તેમનુ મોત નીપજયુ હતુ.

# શહેરમાં બે ડઝન જેટલા ગુનામાં સંડોવાયેલી બેલડી પાસા તળે ધકેલાઈ

### એકને વડોદરા અને બીજાને સુરત જેલ હવાલે કરાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા એલસીબી ઝોન ૨ ની ટીમનાં આર. એચ. ઝાલા દ્વારા ઘરફોડ ચોરીનાં ગુનામા સંડોવાયેલા ગોંડલ રોડ પર લોહાનગરમા બાપા સિતારામ મઢુલી સામે રહેતા મનસુખ ઉર્ફે દીકુ હરીભાઈ પરમાર (ધંધો ભંગારની ફેરી) અને તેનો સાગ્રીત કિશન ઉર્ફે બાવ અરજણભાઈ ડાભી (રહે. કોઠારીયા સોલવન્ટ કીશાન ગૌશાળા પાસે ) ની પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનર બ્રજેશ ઝા ને મોકલવામાં આવતા તેઓએ બંને શખસો વિરુધ્ધ પાસા વોરંટ ઈસ્યુ કર્યું હતુ. ત્યારબાદ બંનેનાં પાસા વોરંટની પજવણી કરી મનસુખને સુરત જેલ હવાલે જ્યારે કિશનને વડોદરા જેલ હવાલે કરવામા આવ્યો હતો. આરોપી મનસુખ અગાઉ રાજકોટ શહેરમા તેમજ બાબરા અને અમરેલી ખાતે ઘરફોડ ચોરી, ધમકી, હદપારી સહીતનાં ૧૭જેટલા ગુનામા તેમજ કિશન અગાઉ રાજકોટ, બાબરા અને લીલીયા ખાતે ઘરફોડ ચોરી સહિત ૭ ગુનામા પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. બંને શખસોને પાસામાં ધકેલવાની કામગીરી પીસીબીનાં પીઆઈ એમ. આર ગોંડલીયા, એમ. જે હુણ, પીએસઆઈ પી. બી. ત્રાજીયા, એએસઆઈ રાજુભાઈ દહેકવાલ, ઈન્દ્રજીતસિંહ સીસોદીયા અને એલસીબી ઝોન ૨ નાં પીએસઆઈ આર એચ ઝાલા, જે. વી. ગોહીલ, રાજુભાઈ મિયાત્રા અને રાહુલભાઈ ગોહેલ સહીતનાં સ્ટાફે કરી હતી.

# રાજકોટના કારખાનેદારે ૨૦ ટકા વળતરની લાલચમા ૧૦.૪૧ કરોડ ગુમાવ્યા

**મહીને ૨૦ ટકા વળતરની લાલચ આપી કારખાનેદાર પાસેથી લીધેલા રૂપિયા જમા કરાવ્યા તે દુબઈની કંપની જ ઉઠી ગઈઃ દંપતી વિરૂધ્ધ ફરીયાદ નોંધાતા ધરપકડ**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મવડી હેડવાર્ટર પાસે રહેતા અને વાવડીમાં કારખાનુ ચલાવતા વેપારીને કંપનીમાં રોકાણ પર માસીક ૨૦ ટકા વળતર આપવાની લાલચ આપી નાના મવા રોડ પર ઓફીસ ચલાવતા દંપતીએ રૂ.૧૦.૪૧ કરોડની છેતરપીંડીના બનાવમાં આર્થીક નિવારણ ગુન્હા નિવારણ શાખાએ ગુનો નોંધી દંપતીની ધરપકડ કરી પુછતાછ કરતા દંપતીએ દુબઈની એક કંપનીમાં કરેલ રોકાણ બાદ દુબઈની આ કંપની ઉઠી જતા દંપતીએ કારખાનેદાર પાસેથી લીધેલ રકમનું વળતર ચુકવ્યું નહિ અને આ મામલે ફરિયાદ નોંધાતા આર્થીક નિવારણ ગુન્હા નિવારણ શાખાએ બન્નેની ધરપકડ કરી આ ઠગ દંપતીનો અન્ય કોઈ ભોગ બનેલું છે કે કોણ તે મામલે સાત દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટ હવાલે કરવાની કાર્યવાહી કરી છે

આ અંગેની મળતી વિગતો મુજબ મવડી હેડ કવાટર્સ પાસે જીવરાજ પાર્ક નજીક હાર્મની એકઝોટીકામાં રહેતા નિકુંજભાઈ છગનભાઈ વોરાએ સાધુ વાસવાણી રોડ પર આસોપાલવ ગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતા રોહીત શાંતીલાલ કકાણીયા અને તેની પત્ની પ્રફુલા સામે ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેને પડધરી ખાતે તરથડી ખાતે પિતાના નામે ખેતીની જમીન હોય જેથી ખેતીકામ સાથે મવડીમાં છેલ્લા ૧૫ વર્ષથી અરજણભાઈ સભાયા પાસેથી જગ્યા ભાડે રાખી અપેક્ષ ઈન્ડસ્ટ્રીઝ નામે ફેબ્રિકેશનનુ કારખાનુ ચલાવે છે. અને અરજણભાઈનો પુત્ર ભાવેશભાઈ અવાર નવાર કારખાને બેસવા આવતા આવતા હોય તેના મારફતે તેના મિત્ર રોહીત સાથે પરીચય થયો હતો અને તે નાના મવા રોડ પર ડેકારામાં યુનિવર્સલ ટ્રેડલીંગ કંપનીના નામે ઓફીસ ચલાવતા હોય જેથી તેને વાત કરી હતી અને રોકાણમાં માસીક ૨૦ ટકા વળતર આપવાની વાત કરી હતી. બાદમાં રોહીતભાઈએ તેને કેપીટલ મની માર્કેટનો ધંધો હોય અને તેમા રોકાણ કરવાથી સારૂ વળતર આપવાની વાત કરી અને તેને દુબઈના શુશીલ મોઝર સાથે કોન્ટેક હોય અને તે વધુ સમય દુબઈ જ રહે છે. અને તેને મહાર-ાષ્ટ્રમાં પુણે ઓફીસ હોવાનું જણવ્યુ હતુ. જેથી તેને મોબાઈલમાં કંપનીની વિગતો મોકલી હતી અને ભાવેશભાઈ છેલ્લા બે વર્ષથી રોકાણ કરતા હોવાની વાત કરી હતી. જેથી તેને રોકાણ કરવાની વાત કરી હતી અને તેને કટકે કટકે રોકાણ કર્યુ હતુ જેમા માસીક વળતર પણ મળતું હતું જેથી તેને કટકે કટકે રોહિતભાઈની ઓફિસ તેમજ તેની પત્ની પ્રફુલાના ખાતામાં ઓનલાઈન રૂપીયા મળી કુલ ૧૦.૧૪ કરોડ રોકાણ કર્યું હતુ. કારખાનેદારે બાદમાં વધુ રોકાણ કરવાનું કહેતા હોય જેથી તેને તેમજ તેના સગા વ્હાલા પાસેથી ઉછીના લઈ રોકાણ કર્યાનું જણાવ્યુ હતુ. જેથી તેને એક આઈફોન ગીફટમાં પણ આપ્યો હતો. ત્યારબાદ તેના ખાતામાં વળતર નહી મળતા રોહીતભાઈ સાથે તેને વાત કરી જેથી મહારાષ્ટ્રમાં ચુંટણી ચાલતી હોય જેથી ડીસેમ્બરના એન્ડમાં તમારૂ વળતર તેમજ રોકાણ પરત કરવામાં આવશે. તે દરમિયાન ડીસેમ્બરમાં નહી આવતા તેને દુબઈથી વળતર ચુકવવામાં આવ્યુ ન હોવાનું કહ્યું હતુ અને છેલ્લે રોહીતભાઈએ તેને વળતર તેમજ રોકાણના પૈસા આપવાની ના પાડી દીધી હતી અને તેને ફોન પણ બંધ કરી દીધો હોય જેથી તેને ઘેર ગયા હતા. પરંતુ કોઈ મળ્યા ન હતા. છેલ્લે તેનો ફોન ચાલુ થતા તેના ઘેર રેડ પડી હોય અને તેનું તમામ સાહિત્ય પોલીસ લઈ ગઈ હોવાનું જણાવ્યુ હતુ. જેથી તેની સાથે છેતરપીંડી થયાની જાણ થતા તેને ફરિયાદ નોંધાવી હતી. જે બનાવમાં આર્થીક નિવારણ ગુન્હા નિવારણ શાખાએ પીઆઈ કરપડા સહિતના સ્ટાફે ગુનો નોંધી શાંતીલાલ કકાણીયા અને તેની પત્ની પ્રફુલાની ધરપકડ કરી હતી.

# બેડી ગામે રેલવેના બ્રિજ નીચે પાણીમાંથી અજાણ્યા વૃદ્ધની લાશ મળી

### અજાણ્યા યુવકની ઓળખ મેળવવા અને વાલીવારસની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે મોરબી રોડ પર આવેલા બેડી ગામે પાસે રેલવેના બ્રિજ નીચે પાણીમાંથી અજાણયા વૃદ્ધની લાશ મળી આવી હતી. બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ટ્રેનમાંથી ફેકાઈ જતા કે ઠોકરે ચડી જતા મોત થયાની શંકા સેવાઈ રહી છે.

જાણવા મળતી વિગત મુજબ બેડી ગામ પાસે આવેલા રેલવે બ્રિજ નીચે પાણીમાં ગાંડીવેલ વચ્ચે અજાણયા વૃદ્ધની લાશ તરતી હોવાની જાણ થતા સ્થાનિક લોકો દ્વારા પોલીસને જાણ - કરવામાં આવી હતી. જેથી બિડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ યોગશેભાઈ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડના સ્ટાફે ગાંડીવેલ વચ્ચેથી પાણીમાં તરતી વૃદ્ધની લાશને

બહાર કાઢી પોલીસને સોપવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક વૃદ્ધની ઉંમર આશરે ૬૫થી ૭૦ વર્ષ હોવાનુ અને તેમના ખીસ્સા તપાસતા રોકડ રકમ મળી આવી હતી. જોકે ઓળખ થાય તેવો કોઈ પુરાવો મળ્યો ન હતો પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી હોસ્પિટલમાં ખસેડી મૃતકની ઓળખ મેળવા તજવીજ હાથ ધરી હતી. પ્રાથમિક રીતે મૃતક ટ્રેનમાંથી ફેકાઈ જતા અથવા ટ્રેનની ઠોકરે ચડી જતા પાણીમાં પડી જવાથી મોત નીપજ્યાનું અનુમાન સેવાઈ રહ્યું છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.